|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ||

# || અધ્યાત્મ ||

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજી


**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રીનારાયણ જાની

**સંપાદક :** શ્રીતરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રીઆશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'


ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ **૮-૦૦**। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

# ॥ પુસ્તકોનાં વળતાં પાણી ? ॥

હેનરી મિલરે એક એવું વિધાન કર્યું હતું કે 'પુસ્તકોની દુનિયાનાં હવે વળતાં પાણી છે. આવનારા પાંચ દાયકામાં પુસ્તકો સમગ્રતયા અદૃશ્ય થઈ જાય તો નવાઈ નહિ.'

આજે પ્રસારણ માધ્યમો એટલાં બધાં વધ્યાં છે કે જે કંઈ જાણવું હોય એ પુસ્તકો વિના પણ જાણી શકાય છે. એટલે આ આગાહીમાં તથ્ય છે.

પરંતુ, અન્ય માધ્યમોએ પકડ જમાવી છે એટલે હવે સાહિત્ય દુનિયાના પટ પરથી અદૃશ્ય થઈ જશે એમ કહેવું એ 'સૂર્યના પ્રકાશનું સ્થાન લઈ શકે એવાં વિદ્યુત સાધનોને કારણે હવે સૂર્ય નહિ ઊગે' એમ કહેવા જેવું છે.

એટલે પચાસ વર્ષ પછી સાહિત્ય સર્જાશે-વંચાશે નહિ, એવી આગાહી કરવી એ છેલ્લા પાંચ હજાર વર્ષના સાહિત્યનો ઈતિહાસ અસ્વીકાર કરવા જેવી બાબત છે. વળી, વિજ્ઞાનની પ્રગતિ સર્જનાત્મક સાહિત્યની વિરોધી નથી. માણસને સૂર્યને જોઈને જે સંવેદના થાય તેમાં સૂર્ય વિશેની વૈજ્ઞાનિક સત્યોની માહિતી આડખીલીરૂપ બનતી નથી.

સાહિત્યની શક્તિ એટલી સૂક્ષ્મ, સર્વવ્યાપી છે, જે કદી અટકતી નથી. જીવન ગમે તેટલું સંકુલ બને, વૈજ્ઞાનિક સિદ્ધિઓનો ઈતિહાસ ગમે તેટલો ભવ્ય બને તો પણ કેટલીક વસ્તુઓ ખાસ કરીને સંવેદનાનો મહિમા ઘટતો નથી.

સાહિત્ય શબ્દોમાં પૂરાયેલ કૃતિ નહિ, સજીવ અનુભવ બની રહે છે. એટલે સહૃદય ભાવકના હાથમાં આવી કૃતિ, માનવી જેવું ધબકતું અસ્તિત્વ બની રહે છે. દર્શકે સાચું જ કહ્યું છે : 'પુસ્તક એ કાગળચીંથરામાં વીંટાળેલો કોઈ જડ પદાર્થ નથી. એ ચૈતન્યધર્મની દીક્ષા આપનારું તત્ત્વ છે.'

**—સંકલન**

# તા. ૨૪/૧૨/૧૯૭૭

## ગુરુ ભગવંત પૂજ્ય શ્રીયોગેશ્વરજી રચિત

## આત્મકથા

## 'પ્રકાશના પંથે'નો પુનિત પ્રકાશનદિન

ગુરુ તો માત્ર ભૂમિકા તૈયાર કરી શકે
તમે સ્વયં વિલીન થઈ શકો.
માટે ગુરુની જરૂર પડે છે.
તમે લીન થવા તત્પર બનો છો
માટે ગુરુનો પ્રેમ અનિવાર્ય.
ગુરુને જોઈને તમને ભરોસો બેસે છે
કે વિલીન થવા છતાં પણ
વાસ્તવમાં નષ્ટ નથી થવાતું
વિલીન થઈને વાસ્તવમાં
અસ્તિત્વવાન થવાય છે.

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૭ |
| ૧ | શ્રીયોગેશ્વરકથામૃત(તા.૩૧/૫/૧૯૮૩) | શ્રી'મા' સર્વેશ્વરી | ૮ |
| ૨ | 'પ્રકાશના પંથે'ના સર્જકની કૅફિયત | શ્રી યોગેશ્વરજી | ૧૬ |
| ૩ | હરિને પામવાનો સોદો સસ્તો નથી | શ્રી'મા' સર્વેશ્વરી | ૧૭ |
| ૪ | અનુભવોની અનોખી સંહિતા | શ્રી બ્રહ્માનંદજી | ૧૭ |
| ૫ | અમૂલ્ય પથપ્રદર્શિકા | શ્રી શાંતિલાલ ઠકાર | ૧૮ |
| ૬ | 'પ્રકાશન પંથે'નું પ્રથમ પ્રકાશન | શ્રી નાનુભાઈ નાયક | ૧૯ |
| ૭ | 'પ્રકાશના પંથે'નો પ્રાથમિક પરિચય | સંકલન | ૨૦ |
| ૮ | શ્રી યોગેશ્વરજીરચિત પદ'પૂજારીને' | " | ૨૨ |
| ૯ | સ્વર્ગારોહણ : પૂ.શ્રી'મા'નું આંતરદર્પણ | " | ૨૫ |
| ૧૦ | ઉત્તરકાશીની આનંદયાત્રા | ડૉ. અરુણા ઠાકર | ૨૭ |
| ૧૧ | શ્રદ્ધાના શિખરે | શ્રી અશ્વિન કાકા | ૩૪ |
| ૧૨ | સંતની વિનમ્રતા | સંકલન | ૩૬ |
| ૧૩ | સાધનાપાથેય | શ્રી વિમલા ઠકાર | ૩૭ |
| ૧૪ | શ્રીરંગ અવધૂતજીનો પ્રેરક પત્ર | સંકલન | ૪૨ |
| ૧૫ | ગાયત્રી મંત્રના પ્રખર પ્રણેતા અને પ્રસારક પંડિત શ્રીરામ શર્મા આચાર્ય | સૌજન્ય : શ્રીરવજી ગાબાણી | ૪૪ |
| ૧૬ | શ્રીપ્રભાબહેનની વિમલ કલમ | સંકલન | ૪૯ |
| ૧૭ | શ્રીસદ્ગુરુની શિખામણ | શ્રી મુકુન્દપતિજી ત્રિપાઠી | ૫૪ |
| ૧૮ | સૉક્રેટિસની અંતિમ રાતનું પ્રવચન | સંકલન | ૫૬ |
| ૧૯ | તુલસીદાસની ચોપાઈનું સાચું અર્થઘટન | શ્રી મહેશભાઈ દેસાઈ | ૫૮ |
| ૨૦ | સ્વધર્મ | સંકલન | ૬૦ |
| ૨૧ | કબીરકી ઊલટી બાની | પ્રા. વસંત ડી. જાદવ | ૬૧ |
| ૨૨ | નમ્રતા : સર્વ સદ્ગુણોની માતા | ડૉ. કાન્તિલાલ કાલાણી | ૬૨ |
| ૨૩ | 'ઉઘાડો બારણાં' | શ્રી યોગેશ્વરજી | ૬૩ |

**નિવેદન : પૂજ્યશ્રી'મા'ની અનન્ય ગુરુભક્તિમાંથી પ્રગટતો શાશ્વત સંદેશ**

શ્રીગુરુસંનિધિ એકલા માણવાની છે. ભીડમાં-ટોળામાં-ધક્કામુક્કીમાં અટવાવાની જરૂર નથી.

અરે ! શ્રીગુરુની સ્થૂળ સંનિધિ કદાચ ન પણ મળે તો પોતે પોતાના ગુરુ બની જવાનું ! પણ સાવધાન ! ગુરુપદનો અહંકાર મસ્તકમાં નથી ભરી દેવાનો-ગુરુ બનવું એટલે સાચા શિષ્ય બનવું. સાચો શિષ્ય-શીખવાની, જાણવાની, પામવાની પ્રબળ વૃત્તિવાળો શિષ્ય જ ગુરુ બની, પોતે પોતાનું માર્ગદર્શન કરી શકે.

તેથી જ દરેકે આતમદેવને (ભીતરી ગુરુને) ઓળખી લેવાના રહે, અને તો જ અલખના દેશમાં એ રમી શકે.

ગુરુપર્વ એકાદ તારીખ-તિથિવિશેષ તરીકે નહિ, 'નિત્ય' મનાવીને ગુરુને ગમતા રહીએ. ગુરુનું એક દિવસ માહાત્મ્ય કરી, એક દિવસ એનો મહિમા કરીને, એને વિસારીએ નહિ. હરપળ એને હૃદયમાં અધિષ્ઠિત કરીએ. એ જ એના પ્રત્યેનો સાચો પ્રેમ છે, સામો પ્રેમ પ્રાપ્ત કરવાની યુક્તિ છે. ગુરુશિષ્યનો પવિત્ર સંબંધ એટલે 'પ્રીતિયોગમ્ પરસ્પરમ્.'

આવા શ્રીગુરુ પ્રારબ્ધવશાત્ મળી જાય તો એમના શ્રીચરણે મસ્તક મૂકીને, સર્વસમર્પણ કરીએ, બસ આ જ આપણું દાયિત્વ ! આ સર્વસમર્પણ એટલે નામ, રૂપ, પદ, બધું ધરી દઈ નિઃશેષ થઈ જવું; એ તો કોઈ વિરલા જ કરી શકે. પણ આપણાં 'મા' સર્વેશ્વરીના (શ્રીસદ્ગુરુ) કહે તે હસતાં વધાવી લઈએ, અર્થાત્ સુખદુઃખ, હારજીત, આશા-નિરાશા જે કંઈ એ માર્ગે મળે. કેમકે એ જે કહેશે એ સર્વહિતાય, સર્વમંગલાય ઉપરાંત આપણા કેવળ કલ્યાણ માટે જ હશે એવી શ્રદ્ધા, અખંડ વિશ્વાસ રહે.

અને આમ, શ્રીગુરુના શ્રીશબ્દોમાં જે અપ્રતિમ વિશ્વાસ રાખી શકે, શ્રીગુરુ સાથે એકરૂપ, અભિન્ન બનીને, (શ્રીગુરુનું કહેવું ને આપણું કરવું એક બની જાય) મોજ કરીએ. અને યાદ રહે; આ મોજ આ લોકની જ નહિ, ત્રિલોકની, ત્રિલોકમાં માગ મૂકાવે એવી બની રહેશે.

# ॥ શ્રીયોગેશ્વરકથામૃત ॥

**તા.૩૧/૫/૧૯૮૩, મંગળવાર. વૈશાખ વદ ચોથ, વિ.સં.૨૦૪૦**

**સ્થળ : ઉત્તરકાશીથી ગંગોત્રી.**

**નમ્રતા સભી કો પ્રસન્ન રખતી હૈ.**

**સત્યમ્ શિવમ્ સુન્દરમ્.**

**આપકી યાત્રા મંગલમયી હો.**

**ઐસી ભી ક્યા જલ્દી હૈ !**

ગંગોત્રી માર્ગે આવા સુંદર લખાણો આપણને વાંચવા મળે છે. ઋષિકેશથી ઉત્તરકાશી ૧૪૮ કિલોમીટર દૂર છે. ગઈકાલે તે અંતર કપાઈ ગયું. હવે લગભગ સો કિલોમીટરનું અંતર આજે કપાશે.

સવારે જ પૂ.શ્રીએ હંમેશની જેમ પરમશક્તિની ઇચ્છા જાણી લીધી. ગંગોત્રીના માર્ગે ફિયાટ કાર નથી જતી. રસ્તો ખરાબ છે. ગાડીઓ ફસાઈ જશે એવા સમાચાર ગઈ રાત્રે જ ત્યાંથી આવનારે આપ્યા છે. પરંતુ અહીં તો એક નવો જ શાંતિ સંદેશ સવારે જ મળી ગયો. જેથી ભયજનક વાતો આવી હોવા છતાં પૂ.શ્રી સાથે ખૂબ નિશ્ચિંતતાથી આજની યાત્રા શરૂ થઈ.

ઉત્તરકાશીમાં જ જ્ઞાનસુ ને ઉજેલી બે વિસ્તારો છે. તે પૈકી ઉજેલી વિસ્તારમાં પૂ.શ્રી જ્યાં રહેલા તે કુટિયાનાં દર્શન કરવાનાં હતાં. જેથી ગાડી થોડીક મિનિટમાં જ ઊભી રહી. ગંગોત્રી માર્ગ ઉપર કૈલાસ આશ્રમ હતો. તેની પાસે જ પાછળના ભાગમાં પૂ.શ્રી રહ્યા હતા. તે ઓરડી ઉપર ચઢાણ ચઢીને જોવા ગયા. ત્યાં એક સંન્યાસી રહેતા હતા. તેમને મદદરૂપે દસ રૂપિયા

આપવાની સૂચના મળી જેથી તેમને આપવામાં આવ્યા.

વળી થોડું ઉપર પાછળ ચઢ્યા ત્યાં સ્વામી રામતીર્થના શિષ્ય આનંદસ્વામી રહેતા હતા. તે કુટિયા પણ તેવી જ છે. પૂ.શ્રી ત્યાં પણ રહ્યા હતા. ત્યાં આજે સારંગ આશ્રમનું બોર્ડ વાંચવા મળે છે. ત્યાં એક સાધુ ઊભા હતા. પૂ.શ્રીએ, 'તેમને પણ કંઈક આપો', એવી ઇચ્છા બતાવી જેથી તેમને પણ દસ રૂપિયા આપવામાં આવ્યા.

પૂ.શ્રીએ એ અંગે વાતો કરતાં કહ્યું કે, 'અહીં કોઈ સાધુઓને ખાસ મદદ કરતું નથી. અમને પણ કોઈક આપતું ત્યારે અમે ના કહેતા પણ ખૂબ આગ્રહ કરે તો લેતા ને તે દિવસે દૂધ પીવા જતા. એટલે અમારી સ્થિતિ અમને યાદ છે.'

આ ઓરડામાં રહેતા ત્યારે એવી અવસ્થા હતી કે બેસીએ ને એક બે મિનિટમાં જ સમાધિ થઈ જતી. ક્ષેત્રમાંથી સવારે જે મળતું તેમાંથી બે રોટલી રહેવા દેતા. સાંજે ભૂખ લાગે તો ખાતા. માતાજીને પણ ગંગાકિનારે પ્રથમવાર મળ્યા પછી આ જ કુટિયામાં લાવ્યા હતા. પછી કહ્યું કે, 'અમદાવાદ પત્ર લખો કે સારી રીતે પહોંચી ગઈ છું.' ત્યારે તો આ જંગલ જેવો જ વિસ્તાર હતો. અહીંથી ગામ ઘણું દૂર પણ ત્યારે ચાલી નીકળતા. થાક લાગતો જ નહિ.

પૂ.શ્રીના સ્મરણપટ ઉપર વરસો પહેલાંનાં સ્મરણોની માળા ચાલુ થઈ ગઈ. પૂ.શ્રીએ કહ્યું કે, 'હવે બેસવાની જરૂર નથી. આખું શરીર જ ચિન્મય થઈ ગયું છે. સહજ સમાધિદશા પ્રાપ્ત થઈ છે.'

ફરીથી એ કઠિન માર્ગે નીચે ઉતર્યા. પૂ.શ્રીએ ત્યારે દેવપ્રયાગની કુટિયાના માર્ગનું સ્મરણ કર્યું. આગળ ગાડી ચાલી.

થોડેક દૂર જ પૂ.શ્રીની સાધનાસ્થળનું એક મહત્ત્વનું અંગ લક્ષેશ્વર કુટિયા દૂરથી જ બતાવી. ગાડી આગળ ચાલી. જાણે થયું કે ટીહરી ને ઉત્તરકાશીના સાધનાસ્થળોનાં દર્શન કર્યાં અને યાત્રા અહીં જ પૂર્ણ થઈ ગઈ ! જે મહત્ત્વનું હતું તે જોવાઈ ગયું. હવે ગંગોત્રી ન જઈએ તો પણ ચાલે ! પરંતુ ગાડી તો આગળ ચાલી. અહીંથી ગંગોત્રી ૯૭ કિલોમીટર દૂર હતું.

માર્ગ ઘણો ખરાબ, થોડો કઠિન હતો. માર્ગમાં મનેરી, ભટવાડી ગામ આવ્યા. ભટવાડીમાં પૂ.શ્રીએ દૂધ લીધું. વળી માર્ગમાં ગંગનાની, હડસીલ ગામ આવ્યાં. હડસીલથી આગળ વધતાં ચમ્મર જેવા પૂંછડાવાળી ગાય જોવા મળી.

હડસીલથી આગળ જતાં રસ્તો ઘણો ખરાબ આવ્યો. પૂ.શ્રી સિવાય સૌ ઉતરી ગયા. થોડા પથ્થરો ગોઠવવામાં સૌએ મદદ કરી. ગાડી નીકળી ગઈ. ગાડીના ચાલક શ્રીહરિદાસે કહ્યું, 'પાછળ બેઠા છે એટલે ગાડીને વાંધો આવે જ નહિ. આ રસ્તો ફીઆટનો નથી પણ ગાડી કેવી રીતે ચાલે છે તે જ સમજાતું નથી.' મોહનલાલે કહ્યું કે, 'આ રસ્તો ફીઆટનો નહિ, મહાત્માજીનો છે. એજ ભગવાન છે. એમની કૃપાથી જ આ કઠિન માર્ગ કપાઈ રહ્યો છે. આપ કેવી લીલા કરો છો ! જાણે હનુમાનજી બનાવવા અમને પથ્થર ઊંચકાવ્યા કે શું ?'

ગાડી આગળ ચાલી. લંકા આવતાં દોઢ વાગી ગયો. અહીંથી હવે કન્ડી, દન્ડીના સાધનોથી ૩ માઈલની ચઢાઈ ચઢવાની રહે છે. ત્યાર પછી આગળ મોટર કે જીપમાં છ કિલોમીટર પહાડીમાર્ગે જવાનું ત્યારે ગંગોત્રી આવે.

લંકામાં આવ્યા. ત્યાં નાની નાની દસ-બાર દુકાનો. પૂરી, શાક લીધાં. સૌએ ભોજન કર્યું. પછી કન્ડી, દન્ડી ને થોડા પગે

ચાલીને આગળ યાત્રા ચાલુ થઈ.

કન્ડી એટલે કરંડીયા જેવુ બેસવાનું સાધન. તે કરંડીયાને માણસ પોતાની પીઠ ઉપર ઊંચકી લે. દન્ડી એટલે આરામખુરશી ચાર પાયાવાળી. એને ચાર માણસ ઊંચકી લે. કન્ડીના એટલે કે કરંડીયા જેવા સાધનના ૪૦/–રૂપિયા, દન્ડીના ૧૫૦/–રૂપિયા હોય છે. ૩૦ કિલો સામાનનું વજન એક મજૂર ઉપાડે તેના ૨૦/ – રૂપિયા. આ ભાવ આવ-જા બન્ને માર્ગના છે. પૂ.શ્રી પણ કન્ડીમાં બેઠા. શ્રીજીતુભાઈએ માર્ગમાં કેમેરાની ચાંપ દબાવી.

કેદારનાથ માર્ગ કરતાં આ માર્ગ ઘણો ટૂંકો ને સરળ લાગ્યો. થોડી જ વારમાં શ્રીલંકા આવી ગયું. સાડા ત્રણ રૂપિયાની એક ટિકિટ બસમાં અને ૬/- રૂપિયા એક વ્યક્તિનું ભાડુ જીપમાં હતું. સૌ કોઈ જીપમાં ગોઠવાયા. બે ભાઈઓ બસમાં ગયા. અડધો કલાકમાં ગંગોત્રી આવી ગયું.

એ પવિત્ર સ્થાનમાં મંદિરનાં દર્શન કર્યાં. ઉતારો કર્યો, પછી સામે કિનારે જતાં પહેલાં ગંગાકિનારે ગયા. ત્યાં યાત્રીઓ પૈકી એક ભાઈની માગણીના અનુસંધાનમાં પૂ.શ્રીએ પવિત્ર જીવન જીવવાનો સંકલ્પ કરાવ્યો. સામે લાકડાના બે પૂલ પસાર કરી દન્ડી આશ્રમ, તપોવનજીની કુટિયા, કૃષ્ણાશ્રમની કુટિરનાં દર્શન કર્યાં. અહીં પણ પંડિતજી આવી જ ગયા હતા. તેમણે સારી મદદ કરી. સાંજે ભોજનનો પ્રબંધ પણ તેમણે કર્યો.

સાંજે સત્સંગ તો ન હતો કે ન હતી ધ્યાનની બેઠક. અચાનક સાડા સાતે યાત્રીઓ પૈકી લાલાજી પોતાના ઓરડામાં કોઈ ભજન ગાતા સંભળાયા. જેથી પૂ.શ્રીએ તેમને બોલાવ્યા અને અવિધિસરની બેઠક શરૂ થઈ. લાલાજીએ બે ભજનો ગાયાં. વળી પૂ.શ્રી શાંત જ બેઠા હતા. પૂ.શ્રીને બંસીવાળું ગીત

સંભળાવવાની વિનંતી થઈ. ત્યાં તો લાલાજીએ એક ભજન ઉપાડ્યું. જેમાં રાધા સૂતી હતી ને કૃષ્ણે કેમ બંસી વગાડી એવી ફરિયાદનો સૂર હતો. પણ એમાં સંગતિ નથી એનો જવાબ આ રીતે આપી શકાય એમ કહીને પૂ.શ્રીએ તરત જ રચના કરીને ગાવા લાગ્યું :

**તુમ તો સો રહી થી**

**બંસી ઈસી લીયે બજાઈ, મૈને ઈસી લીયે બજાઈ.**

સૌ પૂ.શ્રીની એ તરત જ રચાયેલી ઉત્તર આપતી હોય તેવી પંક્તિ પ્રેમથી, આનંદથી ઝીલવા લાગ્યા. પૂ.શ્રી તેમ તેમ પોતાનું પવિત્ર નિર્દોષ આનંદસ્વરૂપ પ્રગટ કરવા લાગ્યા. અભિનય સાથે સત્સંગ શરૂ થયો. પૂ.શ્રીએ આગળ પંક્તિ ગવડાવી :

**તુમ તો સો રહી થી, લેકીન દેખ રહી થી**

**મનમેં સોચ રહી થી - બંસી ઈસી લીયે બજાઈ**

**મીઠી શીકાયતે કરતી હૈં**

**મનમેં મુઝે હી જપતી હૈં - બંસી ઈસી લીયે બજાઈ**

**સચમુચ સોચ રહી થી, ભાન ખો રહી થી**

**અબ કહને કો ક્યું આઈ - બંસી ઈસી લીયે બજાઈ**

સૌને ખૂબ આનંદ થયો. સૌને યાત્રામાં પ્રથમ વાર જ આવું આનંદસ્વરૂપનું દર્શન થયું.

પૂ.શ્રી પલંગ ઉપર બેઠા હતા. તેમની પ્રતિછબી ભીંત ઉપર ફાનસના પ્રકાશે પડતી હતી. તે તસ્વીર ઝડપી લેવા પ્રયત્ન કર્યો ત્યાં તો પૂ.શ્રી એ જાણી ગયા. જેથી પથારીમાં અર્ધા સુઈ ગયા. જેથી પડછાયો દેખાતો બંધ થઈ ગયો. થોડી મિનિટો પછી કૅમેરાનો પ્રયત્ન બંધ થયો. જેથી પૂ.શ્રી એકદમ બેઠા થઈ ગયા ને

ત્યાં જે ગરમ કલંબ (ધાબળો) હતો તેને મોઢે જાણે કોઈ નવવધૂ વડીલોની મર્યાદા પાળતી હોય એવો નાટકીય અભિનય કરી ઓઢી લીધો ! એવી એક તસ્વીર ઝડપી લીધી. ત્યાં તો એક સેકન્ડ પૂ.શ્રીએ ફરીથી મોઢા ઉપરથી થોડો પડદો હટાવી લીધો. સૌને આ અભિનયથી ખૂબ ખૂબ આનંદ આવ્યો. હાસ્યના ફૂવારા યાત્રામાં જાણે પ્રથમવાર ઉડ્યા !

થોડી જ વારમાં બીજું ભજન લાલાજીએ ઉપાડ્યું. જેમાં કૃષ્ણ કેડમાં રમે છે એવો ભાવ હતો. 'નટવર નાનો રે, કાનો રમે છે મારી કેડમાં.' પૂ.શ્રીએ એનો પણ તરત જ પ્રત્યુત્તર પૂરો પાડવા ગાવા માંડ્યું :

**બેસ બેસ છાનો રે, કેડમાં કૂંચી રમે છે.**

વળી લાલાજીએ લલકાર્યું :

**કહો તો ગોરી ચિતલની ચુંદડી મંગાવી દઉં**
**ચુંદડીનો ઓઢનાર રે, કાનો રમે છે મારી કેડમાં**
**પૂ.શ્રીએ સામે ગાવા માંડ્યું. તે સૌએ ઝીલવા માંડ્યું :**
**ચુંદડીને હું ઓઢું શું કરવા ? મારે જવું નથી કોઈને વરવા..**
**રાધારાણીને બોલાવે તો, આવી જાઉ ગેલમાં**
**બેસ બેસ છાનો રે...**

આગળ શ્રીલાલાજીએ ગાયુ :

**નટવર નાનો રે, કાનો રમે છે મારી કેડમાં**
**નંદકુંવર નાનો રે, કાનો રમે છે મારી કેડમાં.**

પૂ.શ્રીએ જવાબ આપ્યો :

**બેસ બેસ પાગલ રે, હું નથી નાનો.**
**અજ્ઞાનનો પડદો રે, તેથી રહ્યો છાનો.**

**બ્રહ્માંડનો અધિનાયક હું તો, કોણ કહે મને નાનો રે,**
**હું નથી નાનો - બેસ બેસ છાનો રે...**

લાલાજી :

**કહો તો ગોરી ઘોઘાના ઘોલીડા મંગાવી દઉં,**
**ઘોલીડાનો બેસનાર રે, કાનો રમે છે મારી કેડમાં.**

પૂ.શ્રી :

**હું તો બ્રહ્માંડનો છું પિતા, સૌને હિંચાવતો રે,**
**બેસ બેસ પાગલ રે, કૂંચી રમે તારી કેડમાં.**

સૌએ ખૂબ ખૂબ આનંદ અનુભવ્યો. ત્યાં વળી એક પ્રશ્ન પૂછાયો :

**પ્રશ્ન :** આપની સાધના દરમ્યાન ખૂબ ઠંડીનો અનુભવ થયો હોય ને આપે તાપણું કર્યું હોય એવા કોઈ પ્રસંગ છે ?

**પૂ.શ્રીએ કહ્યું :** ના. દશરથાચલ પર્વત ઉપર સખત ઠંડી. પણ હું તાપણું ન હતો કરતો. ચંપકભાઈને ખૂબ ઠંડી લાગતી તેથી તેઓ તાપણું કરતા.

**પ્રશ્ન :** આપને આજે ગંગામૈયાએ દિવ્ય રૂપે દર્શન આપ્યાં ?

**પૂ.શ્રી :** ના. એવો અનુભવ નથી થયો. ગંગાએ ગયા ને પાણી ઠંડું લાગ્યું તે અનુભવ.

**પ્રશ્ન :** ઉત્તરકાશીમાં રહેતા સિદ્ધપુરુષ નાગાજીનો આપને ગઈ રાતે સૂક્ષ્મદેહે સમાગમ થયો ?

**પૂ.શ્રી :** તેમણે ગંગોત્રીમાં આવવાનું કહ્યું. આ યાત્રામાં ઉત્તરકાશીથી ૫૦ સિદ્ધપુરુષો અમારી સાથે જ ચાલી રહ્યા છે. ઉપરાંત સાંઈબાબા પણ છે. એ સિદ્ધ પુરુષોમાં ૧૦ નાથ સંપ્રદાયનાં છે, ૧૦ વૈરાગીઓ, પાંચ અવધૂત સ્ત્રીઓ, અદ્ભુત

સિદ્ધો પણ છે. એ સૌ કહે છે; 'આપ ગંગોત્રી જઈ રહ્યા છો તો અમને ખૂબ આનંદ થયો. અમે તમારાં દર્શન માટે જ તમારી સાથે ફરી રહ્યા છીએ. અમને યાત્રામાં કંઈ રસ નથી.

સૌ ગંભીર બનીને એ વાત સાંભળી રહ્યા. આજે સામે કિનારે જવા પૂલ ઉપરથી પસાર થયા હતા ત્યારે પૂ.શ્રીએ ઓચિંતી એ વાત સાંજે કરી હતી રાતે ફરીથી એ જ વાત થઈ.

ત્યાં તો મહત્ત્વની વાતનું સ્મરણ થયું. સામે કિનારે સરકારી રેસ્ટ હાઉસમાં આઠ પછી જગ્યા મળશે એવી વાત હતી. જેથી ફરીથી રાતે તપાસ થઈ અને રેસ્ટ હાઉસ મળી જતાં રાતે જ સામે કાંઠે ફાનસ અને બેટરીના સહારે પૂ.શ્રીનું વિશ્રામસ્થાન બદલ્યું. રાતે વિશ્રામસ્થાનમાં મંદિરનો પ્રસાદ દાળ, ભાત, શાક ભોજનમાં લેવાની યોજના હતી. પંડિતજી ખુલ્લા પગે થાળી લઈ આવ્યા. પૂ.શ્રીએ મંત્રોચ્ચાર સાથે પાણી છાંટી જગ્યા પર બેઠા. પરંતુ મરચું હોવાથી પૂ.શ્રીએ ભાત અને ગોળ જ ભોજનમાં લીધા. ભોજન બાદ આરામ.

ગંગોત્રીમાં વિજળી નથી એમ કહીએ તો ચાલે. ફાનસ કે પેટ્રોમેક્ષ કે મીણબત્તીના આધારે રાતે કામ કરવાનું રહે છે. ચારે તરફ પર્વતોથી છવાયેલું ગંગોત્રીનું સ્થાન રળિયામણું છે. બરફના પર્વતો પણ એક બાજુ છે. બદરીનાથ ગંગોત્રી કરતાં વધુ આકર્ષક  હોય એવું લાગ્યું.

ગંગાનદીનું પાણી ખૂબ જ ઠંડું છે. સ્નાન કરવાની સવારે ભાગ્યે જ કોઈ હિંમત કરે. ઠંડી ન હતી, સૂર્યનારાયણનાં દર્શન થયાં હતાં.

હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ

**—શ્રી 'મા' સર્વેશ્વરી**

# ।। 'પ્રકાશના પંથે'ના સર્જકની કૈફિયત ।।

જીવનને પ્રભુપરાયણ કરવાની ઈચ્છાવાળા માણસો કે પ્રકાશના પંથે પ્રવાસ કરનારા સાધકોને 'સાધનાના નાનાસરખા ઈતિહાસ' જેવી આ કથામાંથી, જીવનવિકાસને માટે મદદરૂપ એવી ભરપૂર સામગ્રી મળી રહેશે એ નક્કી છે. પથભ્રાંત કે હતાશ થયેલા સાધકોને આમાંથી માર્ગદર્શન ને નવજીવનની સુખદ સામગ્રી સાંપડશે. સંસારના આધ્યાત્મિક વારસામાં એ રીતે થોડોઘણો પણ વધારો થશે તો લેખનનો પરિશ્રમ કૈંક અંશે સાર્થક થયેલો મનાશે.

મારે પોતાને માટે તો આત્મકથાનો અક્ષરદેહે આલેખાયેલો ક્રમ જુદાં જુદાં તીર્થોની એક સળંગ, વિરાટ મહામૂલ્યવાન યાત્રા જેવો છે.

આ કથામાં આધ્યાત્મિક જીવનના જ તાણાવાણા જોવા મળે તો તેથી કંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. મારું આજ સુધીનું જીવન જ આધ્યાત્મિક છે. આત્મિક ઉન્નતિ માટે જ તેનો ઉપયોગ થયો છે.

ઈશ્વરનું શરણ લઈને વરસોથી એના એક નમ્રાતિનમ્ર શરણાગત શિશુ તરીકે આગળ વધું છું. તે દરમિયાન મને અનેક અનુભવો થયા છે ને ઈશ્વરની કૃપાનો લાભ પણ મળ્યો છે, એમાંથી જ મારી શ્રદ્ધા ને સમજશક્તિ ઉત્પન્ન થયાં છે.

બાકી તો પરમ પ્રકાશના પાવન પંથના પ્રવાસની કથા પોતે જ કહેશે. તેને શાંતિપૂર્વક વાંચી, વિચારી જવાથી ઘણી ઘણી શંકાઓનું સમાધાન થઈ જશે.

—પૂ.શ્રીયોગેશ્વરજી

## ॥ હરિને પામવાનો સોદો સસ્તો નથી ॥

સરોડાના એક નાનકડા બાળકે પ્રવાસ શરૂ કર્યો. એ બાળ મટી બ્રહ્મચારી કહેવાયો. એનો પ્રવાસ પુણ્યપ્રવાસ કહેવાયો. એ પુણ્યપ્રવાસી મહાયાત્રી પૂર્ણયાત્રી તરીકે પૂજાપાત્ર બન્યો તેની જ મંગલકથા આ 'પ્રકાશના પંથે'.

સામાન્ય સાધકમાંથી સિદ્ધયોગીમાં રૂપાંતર પામનારની એ મંગલકથામાં પ્રભુપ્રાપ્તિ માટેની પ્રાર્થના ને લાંબા ઉપવાસોની વ્યથાકથા વાંચવા જેવી છે. હરિને પામવાનો સોદો સસ્તો નથી. પ્રાર્થના જ સાધના છે. વળી કોઈપણ માનવદેહધારીને ગુરુપદે સ્થાપ્યા સિવાય આવડો મોટો 'આધ્યાત્મિક ઈતિહાસ' જીવી શકાય છે તે સત્યદર્શન આ ગ્રંથ કરાવે છે.

**—પૂ.શ્રી 'મા' સર્વેશ્વરી**

*

## ॥ અનુભવોની અનોખી સંહિતા ॥

### (અદ્‌ભુત ગ્રંથરત્ન)

યોગેશ્વરજી આજના વિશ્વના એક અસાધારણ મહામાનવ છે. મેં મારા જીવન દરમિયાન કેટલાય સંતો, તપસ્વીઓ, યોગીઓને જોયા છે પરંતુ યોગેશ્વરજી જેવા સાચા, સંપૂર્ણ, સર્વાંગીણ વિકાસવાળા મહાપુરુષને જોયા નથી. યોગેશ્વરજી સૌમાં જુદા તરી આવે છે. એમનું જીવન ભારતીય સાધના, તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિના અલૌકિક અનુવાદરૂપ છે.

એમણે છેક જ સીધીસાદી, સરળ, નિરાડંબર, સત્યનિષ્ઠ ભાષામાં પોતાની જીવનસાધનાની અને વિવિધરંગી સિદ્ધિઓની કથા કહી છે. એ કથા કેટલી બધી રોચક, પ્રેરક અને પથદર્શક છે એ તો એનું અધ્યયન કરવાથી જ સમજી શકાશે.

જે માતાપિતાએ એમના આવિર્ભાવમાં અજ્ઞાત રીતે પણ ભાગ ભજવ્યો છે તેમને ધન્ય છે. એમને પ્રકટાવનારું કુળ અને

એમની ક્રીડાસ્થળી થનારી ભૂમિ ધન્ય છે. એમની પવિત્ર પદરજને ધારણ કરનારી ધરતી પણ ધન્ય છે. એમના જેવા મહાપુરુષનું દર્શન યુગો પછી કોઈવાર થઈ પડે છે.

'પ્રકાશના પંથે' જેવી આધ્યાત્મિક અનુભવોથી ભરેલી, જીવનવિકાસની સાંગોપાંગ સમજ પૂરી પાડતી, આત્મકથા આ પહેલી છે. પરમાત્માના પરમ કૃપાપાત્ર પરમ આદરણીય, પરમ વંદનીય શ્રીયોગેશ્વરજીને જેટલાં પણ અભિનંદન આપીએ એટલાં ઓછાં છે.

ગુજરાતી સાહિત્યમાં આ ગ્રંથરત્ન પોતાની આગવી વિશિષ્ટતાથી પ્રકાશી ઊઠશે. એની વિષયનિરૂપણશૈલી, મૌલિકતા, સરસતા, એનું ભાષાપ્રભુત્વ બધું જ અદ્ભુત છે. એ શિષ્ટ શ્રેષ્ઠ સાહિત્યના સર્વોચ્ચ શિખરને સર કરે છે.

એક સમર્થ સંતપુરુષે આલેખેલી 'અનુભવોની અનોખી સંહિતા'સમી આ આત્મકથા પરમ પ્રકાશના સાક્ષાત્કારનો પવિત્ર પંથનો પરિચય કરાવે છે અને એ પંથના પ્રવાસની પ્રેરણા આપે છે.

**—સ્વામી બ્રહ્માનંદજી**

*

## ॥ અમૂલ્ય પથપ્રદર્શિકા ॥

'પ્રકાશના પંથે' આ મહાકાળના પથ પર મૂકેલા એક સાધક મહાત્મા યોગીનાં પદચિહ્નો છે, જેમાંથી બીજા સાધકોને ઘણું બધું શીખવાનું મળી રહે. નિરાશા ખંખેરી. પૂર્ણતાના પથ ઉપર આગળ વધવાનાં ઉત્સાહ, પ્રેરણા, હિંમત અને બળ મળે.

યોગેશ્વરજી અનંતના યાત્રી છે. જ્ઞાન અને યોગ તેમની સાધનામાં સહકારી છે, પણ મૂળ મુદ્દે તેમનું હૃદય શ્રીરામકૃષ્ણ પરમહંસ દેવના હૃદય જેવું ભક્તહૃદય છે. 'મા'નાં દર્શનની તાલાવેલી, એ લગની એ જ એમની સાધકતાની ગુરુચાવી છે. પ્રાર્થનાએ એમના જીવનમાં મહાન ભાગ ભજવ્યો છે, એમ તે

પોતે અનેકવાર કહે છે.

'પ્રકાશના પંથે' સાધકો માટે સાધનામાં સહાયક, અમૂલ્ય પથપ્રદર્શિકા છે. સાહિત્યના ક્ષેત્રે એ એક ઉત્તમ આત્મકથાનો ગ્રંથ છે. દેશના હિતચિંતકો માટે તે અમૂલ્ય સામગ્રીથી ભરપૂર, કાર્યદિશાઓ બતાવનાર નિર્દેશ-ગ્રંથ છે. તેમના પ્રેમીઓ માટે તે તેમના આંતરજીવનમાં ડોકિયું કરાવનાર રહસ્યબારી છે.

**—શ્રી શાંતિલાલ ઠાકર**

*

## ॥ પ્રકાશના પંથેનું પ્રથમ પ્રકાશન ॥

૧૯૭૭ની ૨૪ની ડિસેમ્બરે આ ગ્રંથ પ્રથમવાર પ્રકાશિત થયો. 'પ્રકાશના પંથે' નામની આપની આ આત્મકથા પ્રગટ કરતાં અમને અત્યંત આનંદ અને સંતોષ થાય છે.

આપે વર્ષો સુધી હિમાલયમાં આકરી તપશ્ચર્યા કરી છે. જિંદગીનાં અનેક વર્ષો આપે કઠોર સાધનામાં વીતાવ્યાં છે. એ કઠોર સાધનામાં તપી તપીને આપ વિવેકની સાક્ષાત્ મૂર્તિ અને સૌજન્યના સાગર બન્યા છો.

આપ વિદ્વાન છો, જ્ઞાની છો અને સંત છો. આપે કોઈ પંથ સ્થાપ્યો નથી. કે કોઈ ચેલા મૂંડ્યા નથી; છતાં આપ ધર્મનું શ્રેષ્ઠ અર્થઘટન કરીને તેનો પ્રચાર કરો છો અને પ્રજાને શ્રદ્ધા, ભક્તિ અને કલ્યાણનો રાહ ચીંધો છો.

આપે તો એકલા હાથે જીવનનું પરમ રહસ્ય ખોળી કાઢ્યું છે હવે આપના એ અનુભવોના નીચોડ જેવી આ આત્મકથા દ્વારા જીવનનું અદ્ભુત રહસ્ય પામવાનું સાધારણ માણસો માટે પણ અવશ્ય સરળ બનશે જ, એવી અમને શ્રદ્ધા છે.

**—શ્રીનાનુભાઈ નાયક**

**(સાહિત્યસંચય પ્રકાશન)**

# ।। 'પ્રકાશના પંથે'નો પ્રાથમિક પરિચય ।।

સાચી કૃતિ શીર્ષક પછી નહિ, શીર્ષકથી જ આરંભાય છે. એ જ સમગ્ર કૃતિને નિયોજિત કરનાર તત્ત્વ (controling factor) પણ બની રહે છે.

અહીં પૂજ્ય શ્રીયોગેશ્વરજી માટે જીવન, સમગ્ર જીવન 'પ્રકાશના પંથ'નો પર્યાય છે. તેઓશ્રી સ્પષ્ટ કહે છે કે : 'માનવજીવન અત્યંત મૂલ્યવાન છે. તે જેમતેમ જીવી કાઢવાનું નથી. તેનું ખાસ પ્રયોજન છે. દેહધારી માનવને એની અલ્પતાનો અંત લાવી, એને વધારે ને વધારે ઉજ્જવળ બનાવી, છેવટે પરિપૂર્ણ કરવાની તક મળેલી છે. અંધકારને દૂર કરી, અસત્ય અને મૃત્યુના આવરણને હટાવી દઈ તેને જ્યોતિર્મય, સત્યમય અને અમૃતમય કરવાનો અવસર પ્રાપ્ત થયો છે.'

'પ્રકાશના પંથ'ના પ્રવાસનું અવારનવાર અવલોકન કરતાં રહેવાનું છે ને ધ્યેયસિદ્ધિ ન થાય ત્યાં સુધી જાગ્રત રહીને આગળ ને આગળ ધપવાનું છે.'

'એક નાના સરખા બાળકને પૂર્ણતા કે પ્રકાશના પંથે પ્રવાસ કરવાની પ્રેરણા થઈ ને તેણે પ્રવાસ શરૂ કર્યો. (પૂરો પણ કર્યો જ !)'

'ઈશ્વરના હાથમાં હું હથિયાર છું. વાંસળી છું ને તેમાં પ્રાણ પૂરનાર તે જ છે.'

'બાકી તો 'પરમ પ્રકાશના પાવન પંથના પ્રવાસની કથા' કૃતિ પોતે જ કહેશે.'

—આમ કહી શ્રીયોગેશ્વરજીએ 'સર્જકના ધર્મ' 'Do not speak. Let the work speak'નો મહિમા કરી, 'પ્રકાશના

પંથે' કૃતિ કાળપ્રવાહમાં તરતી મૂકી દીધી છે. કૃતિમાં 'સર્જક' કરતાં 'ચિંતક કે તત્ત્વજ્ઞ'નું વર્ચસ્વ વિશેષ છે, એની જ હકૂમત સર્વત્ર વરતાય છે.

તમે એવા જીવનની કલ્પના કરો કે જેની એકે ક્ષણ ઠાલી નથી, ખાલી નથી. એના પર સતત ઝળુંબે છે. જાગૃતિ, સાવધાની, સતર્કતા. પ્રત્યેક શ્વાસ જાણે કોઈની અમાનત હોય એમ લેવાય છે.

'પ્રકાશના પંથે' નિજકથા નહિ કોઈ બીજાની અન્યની કથા હોય એમ કહેવાય છે. અપૂર્વ તાટસ્થ્ય નિર્મમતાથી બધું કથાય છે.

નર્યા સંકલ્પમાંથી જીવનની પ્રત્યેક ક્ષણ પ્રગટી છે. સમગ્ર જીવન જ સંકલ્પજનિત ! નિયમબદ્ધ, કઠોરતમ જીવન. એનું પ્રતિબિંબ લેખનમાં - પ્રકાશના પંથેમાં !

નિરાકારની અનુભૂતિમાં સંતૃપ્તિ નહિ. એને પ્રભુની આકૃતિરૂપે સાક્ષાત્કાર કરવાની લગન. પ્રભુનો અંશ નહિ, એ સમગ્રરૂપને આત્મસાત્ કરવાની ધૂન. એને માટે જે કંઈ કરવું પડે એ કરવાની ધગશ, હિંમત, જાતને પડકાર. જગતનિયંતાને પામવાની એકમાત્ર મથામણ. બૌદ્ધિક પ્રતીતિને અનુભૂતિગમ્ય બનાવવા જીવનભર મથ્યા, જગદંબાને પ્રાપ્ત કરીને જ જંપ્યા. સ્વયં પ્રકાશસ્વરૂપ બનીને જ અટક્યા, સ્થિર થયા, શાંત થયા, પ્રશાંત થયા.

સમગ્ર માનવજાત માટે જગદંબાદર્શન પોતાની સ્વરૂપપ્રાપ્તિ 'મા' સર્વેશ્વરીરૂપે મૂર્ત કરી, મૂર્તિમંત કરી, જીવંતરૂપે આવિષ્કૃત કરી. પોતાની વિશ્વકલ્યાણની અભીપ્સા પરિપૂર્ણ કરી.

**—સંકલન**

# ॥ શ્રીયોગેશ્વરજીરચિત પદ ॥

## ॥ પૂજારીને ॥

પ્રભુજી તારા બહાર બેઠા કરે પ્રતીક્ષા તારી, પૂજા કોની કરે પૂજારી,
ઘટઘટમાંહી રાસ રમે છે, કરી પુરાતન યારી, પૂજા કોની કરે પૂજારી ?
કોને કાજે પુષ્પ લાવતો કોને અર્પે માળા,
અભિષેક કરે નૈવેદ્ય ધરે બોલે-સ્તોત્ર રસાળાં;
આરતી ઉતારે છે કોની દીપશિખા પ્રગટાવી,
આરાધ્ય નથી દેવ ઓળખ્યા દૃષ્ટિ ક્યાં છે ન્યારી; પૂજા કોની કરે પૂજારી ?
પ્રભુજી તારા બહાર બેઠા કરે પ્રતીક્ષા તારી, પૂજા કોની કરે પૂજારી ?
સ્વરૂપ ના સમજાય એમનું સાધારણ શું લાગે,
વિશ્વરૂપમાં વિરાજી રહ્યા વિચરે હરદમ આગે;
દીન હીનને જીર્ણ વેશમાં લોચનજ્વાળ જગાવી
મળવા માગે તુજને તારી કિન્તુ ક્યાં તૈયારી; પૂજા કોની કરે પૂજારી ?
પ્રભુજી તારા બહાર બેઠા કરે પ્રતીક્ષા તારી; પૂજા કોની કરે પૂજારી ?
મંદિર દિવ્ય મહીમંડળનું પ્રભુજી એમાં રાજે,
ક્રંદન ક્યાંક કરે પોકારે પ્રાર્થે આર્ત અવાજે;
અનાથ આર્ત અભાવગ્રસ્ત છે બેઠા મનને મારી,
નૈવેદ્ય લઈ અર્પ એમને લે આરતી ઉતારી; પૂજા કોની કરે પૂજારી ?
પ્રભુજી તારા બહાર બેઠા કરે પ્રતીક્ષા તારી; પૂજા કોની કરે પૂજારી ?

**—શ્રી યોગેશ્વરજી**

*

## ॥ પદપરિચય ॥

## (પૂજારીને)

'પ્રતિમામાં અ-પ્રતિમ (પ્રભુ)ના મળે' આકારમાં નિરાકાર કેમ મળે ? 'પ્રભુ' એટલે 'અસીમ પરમ ચૈતન્ય' તેને એક મૂર્તિમાં સ્થિર કરી, સીમિત કરી દેવું એટલે 'એક પ્રતિમામાં અ-પ્રતિમને શોધવાનો નિરર્થક ઉદ્યમ-પરિશ્રમ !' આખી જિંદગી એમાં ખર્ચાઈ જાય; પણ કશું જ હાથમાં ન આવે !

કવિશ્રી મંદિરની મૂર્તિને પ્રભુ માની પૂજારત રહેતા પૂજારીને પૂછે છે ? તું પૂજા કોની કરે છે ? કોને કાજે પુષ્પ, માળા, નૈવેદ્ય, સ્તોત્ર આરતી કરે છે ? પ્રભુ તો ઘટઘટમાં દરેક પ્રાણતત્ત્વમાં સંચરી રહ્યા છે.

પ્રભુ એટલા સાધારણ છે, આપણામાંના જ એક હોય એવા છે છતાં વિશ્વરૂપમાં વિરાજી હર ક્ષણ આગળ ને આગળ વિચરી રહ્યા છે, એટલે પકડવા જતાં હાથ ન આવે એવું એમનું સ્વરૂપ છે.

અલબત્ત, દીન-હીન-જીર્ણ વેશમાં પ્રભુત્વનું તેજ એનાં નેત્રોમાં ઝળકતું રહે છે, પણ તારી દૃષ્ટિ એ વિલોકી શકતી નથી.

તું પૂજારી છે, તારું conditioning મંદિર સાથે જ હોય એ સમજી શકાય. તો તું જાણી લે કે, આખું પૃથ્વીમંડળ પ્રભુનું મંદિર છે. અને એ મંદિરમાં સતત એને માટે કોઈ રડે છે, કોઈ આર્ત સ્વરે એને પોકારે છે, મંદિરમાં બધા જ પ્રભુ વિના પોતાને આર્ત, અનાથ, અભાવગ્રસ્ત માનનારા છે. તો પહેલાં તો તું એમને નૈવેદ્ય આપ, એમની આરતી ઉતાર.

હે પૂજારી, તું પ્રભુના પ્રતીકની આળપંપાળમાં જન્મારો વીતાવવાને બદલે, દુઃખી, દીન હીન તરફ કરુણાદષ્ટિથી જોઈશ તો તેઓમાં તને 'પ્રભુ' જ દેખાશે.

જેમ તું પૂજાને નિમિત્તે પ્રભુને મંદિરની અંદર શોધે છે તેમ તારી જેમ પ્રભુ સુધી પહોંચવા ચાહતા અનેક જીવો પૃથ્વીપટ પર છે.

ટૂંકમાં, મંદિર એટલે ઈંટચૂનાનું કોઈ સાંકડું મકાન નહિ, સમગ્ર પૃથ્વી એ પ્રભુનું દિવ્ય-સૂક્ષ્મ મંદિર છે. બધા જ મનુષ્યો તેના ચૈતન્યઅંશો છે.

પ્રભુ સર્વવ્યાપી છે, સર્વમાં છે, એટલે સાચી પૂજા દરેકમાં પ્રભુઅંશ નિહાળી, એની સાથે માનવીય નિસબત રાખવામાં છે. ઉત્તમ ધર્મ માનવધર્મ પ્રભુજીને પૂજાનો આ જ પ્રકાર, આ જ રીતિ સ્વીકાર્ય છે.

પછી પૂજારીએ પ્રભુ સુધી પહોંચવું નહિ પડે, એ જ બહાર બેઠા તારી પ્રતીક્ષા કરતા હશે.

પૂ.શ્રી યોગેશ્વરજીએ તો ખાતરીપૂર્વક કહી જ દીધું છે : પ્રભુજી તારા બહાર બેઠા તારી પ્રતીક્ષા કરે જ છે. માત્ર આંતર નિરીક્ષણ કરી હે પૂજારી ! તારે 'સાચી પૂજા'નો અર્થ-મર્મ સિદ્ધ કરવાનો રહે છે.

આખું કાવ્ય લખાયું છે 'પૂજારીને' સંબોધીને પણ સાંકડા-સંકુચિત ખ્યાલોમાં રાચી પ્રભુદર્શન ઝંખતા પ્રત્યેકને લાલબત્તી ધરી રહે છે કે; 'પ્રભુને અભિપ્રેત છે, વિસ્તાર, એવો ચૈતન્યપ્રસાર જેમાં સમસ્ત વિશ્વ સમાઈ જાય. કેમકે પ્રભુ સર્વત્ર છે, સર્વમાં છે. યાંત્રિક ગતિ-વિધિમાં અટવાયેલાઓએ જાગૃત થઈ જવાની જરૂર છે.'

—સંકલન

## ।। 'સ્વર્ગારોહણ' : 'મા'નું આંતરદર્પણ ।।

ગુજરાતના અતિ પ્રસિદ્ધ અંબાજીમાં આવેલ 'સ્વર્ગારોહણ' તપોવનકાલીન સંસ્કૃતિનું આધુનિક સંસ્કરણ છે. પૂ.શ્રીની આ સંકલ્પસૃષ્ટિ માટે 'મા' લખે છે : 'તા.૨૨/૧૨/૮૩ ગુરુવારના રોજ શ્રી યોગેશ્વરજીનાં ચરણકમળ માત્ર પાંચ મિનિટ માટે અહીં પ્રતિષ્ઠિત થયાં ને એ ક્ષણિક સ્પર્શના ચમત્કારે આ ભૂમિને તીર્થનો મહિમા આપ્યો.'

પ્રગટ મહિમા શ્રી યોગેશ્વરજીનો સદા પ્રસરતો રહે અને પ્રચ્છન્ન 'મા'નું સમર્પણ મહેકતું રહે એવા 'અદ્વૈતનો સૂક્ષ્મ ચૈતન્યપ્રસાર' એ આ તીર્થની પ્રસાદી.

શ્રીયોગેશ્વરજીની કલ્પના તો સાધકો માટે 'માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ' રચવાની જ હતી. પણ 'મા'એ 'યોગતીર્થ'નું એવું ભવ્ય મંગલ નિર્માણ કર્યું. જેથી અહીં આવનાર દરેક હિમાલયના મહાન તપસ્વી મન-વચન-કર્મથી આખા વિશ્વના મંગલ માટે અંતિમ શ્વાસ સુધી પ્રયત્નશીલ, પ્રકાશના પંથે ચાલતાં ચાલતાં, સ્વયં પ્રકાશરૂપ બની રહેલ દિવ્ય આત્માના જીવન તેમજ કાર્યના સળંગ ઈતિહાસની ભવ્ય ઝલક પામી શકે. સાધકમાંથી સિદ્ધ થયેલ શ્રી યોગેશ્વરજીનાં વિવિધ આકર્ષક સ્વરૂપો, એની કલાત્મક ગોઠવણી, સંવેદનાત્મક શબ્દોમાં અભિવ્યક્તિ સર્વ કંઈ એટલું મોહક-પ્રભાવક છે કે 'યોગતીર્થ'ની એક પરિક્રમા દર્શકના મન-હૃદયમાં પવિત્ર આંદોલનો જગાડી જાય. એમાં સતત ગુંજતો 'ૐ યોગેશ્વરાય નમઃ'ના મંત્રનો સૂર આપણને અધ્યાત્મનો અદ્‌ભુત ચૈતન્ય-સંસ્પર્શ કરાવી રહે છે.

'યોગજ્યોતકુટિર'માં શ્રીયોગેશ્વરજીના પ્રાગટ્યધામ સરોડાની શૈશવપગલીઓની પુનિત રજને આ તીર્થભૂમિ સાથે એકરૂપ કરી દઈ, અતીત શાશ્વતીથી મઢી લેવાયો છે.

એક 'સાધનાકુટિર' જે અદ્યતન મૅગ્નેટિક ડોરવાળી, પિરામિડ આકારની છે જે કેનેડાના ભક્તોનો સ્નેહ ઉપહાર છે. આ એ જ પવિત્ર સ્થાન છે, જ્યાં વર્ષો પહેલાં 'મા'એ 'પર્ણકુટિ' સ્વહસ્તે રચી, વર્ષો એમાં સાધના કરી હતી. જ્યાં પાણીની પણ સગવડ ન હતી. અગણિત વ્રત, તપ, જપ, અનુષ્ઠાનોથી પવિત્ર આ કુટિયાને શ્રી યોગેશ્વરજીએ જ 'સર્વેશ્વરી તીર્થ' નામ આપેલું. 'આ કુટિરમાં થતી પ્રાર્થના પ્રભુ સાંભળે જ છે એવી અનેક ભાવિકોની શ્રદ્ધાનું આ બેમિસાલ પ્રતીક છે.'

અંબાજીની આસપાસનાં ગામોમાં વસતા દરિદ્રનારાયણો માટે સર્વમંગલ ટ્રસ્ટની સહાયથી 'વિવિધ મૅડિકલ કૅમ્પો આયોજિત કરી, બાળકો, સ્ત્રીઓ, વૃદ્ધો, અશક્તો માટે હંમેશ વૈવિધ્યપૂર્ણ દાનયજ્ઞો યોજી 'મા' 'દયાળુ પ્રભુ સૌનું કરો કલ્યાણ'ની પ્રાર્થના વહેતી કરે છે.'

ધાબા પર પક્ષીઓ માટે ખાસ પ્રકારના ચણની વ્યવસ્થા નિશદિન હોય જ. 'સ્વર્ગારોહણ'નાં વૃક્ષો, વેલીઓ, ડાળીઓ-પર્ણો-પુષ્પો-ફળો સાથેનો 'મા'નો સંવેદનનાતો અનન્ય છે. પ્રકૃતિને પ્રભુના વરદાન તરીકે પોંખતાં અનેક તત્ત્વબોધક સૂત્રો રોપારૂપે સોહે છે.

'સ્વર્ગારોહણ'ના સેવકો માટે 'શાંતિકુલમ્'માં ખાસ આવાસો ઊભા કરાયા છે.

આમ 'સ્વર્ગારોહણ' શ્રીયોગેશ્વરજીના સ્મૃતિતીર્થને સમાંતરે 'મા'ના 'મંગલ સ્નેહતીર્થ'નું ગૌરવ ધારે છે.

—સંકલન

# ॥ ઉત્તરકાશીની આનંદયાત્રા ॥

ઉત્તરાખંડનું 'ઉત્તરકાશી' તીર્થ એટલે પર્વતરાજ હિમાલયની દેવભૂમિ, દિવ્યભૂમિ ! ચોમેર પ્રકૃતિનું અદ્‌ભુત મનોહર દર્શન અને ગંગાજીનો મધુર નિનાદ ! સંતો તેમજ સિદ્ધમહાપુરુષોની સાધનાસ્થલિ. શિવભક્તિની સુગંધ, અનુરક્તિ અહીંની હવામાં પ્રસરેલી-વણાએલી માણી શકાય !! ત્યાં પગ મૂકતાં જ અનેરો આનંદ મન-અંતકરણમાં ઉછળી ઊઠે ! કંઈ કેટલાય જન્મોનું સગપણ એક સાથે જાગી ચિત્તને આકર્ષતું (ખેંચતું) હોય તેવું અનુભવાય છે.

શ્રાવણમાસ આખો ગંગાજી પાસે રહી સાક્ષાત્ શિવપ્રભુ યોગેશ્વર ભગવાનનું સ્મરણ કરવું અને યથામતિશક્તિ સાધન ભજન કરવું તેવી એક સાત્ત્વિક ભાવના વર્ષોથી હૃદયમાં પડેલી. નિવૃત્તિકાળનાં બે વર્ષ પછી એવો સુયોગ આવી સાંપડ્યો અને હૈયે આનંદ છલક્યો !

ઉત્તરકાશીથી પંદર કિલોમીટર દૂર ગંગોત્રી મુખ્ય માર્ગ પર મનેરી નામનું નાનકડું ગામ છે. ત્યાં રોડની નીચે 'સેવા આશ્રમ, કેશવપુરમ મનેરી, ઉત્તરકાશી સંચાલિત ઉત્તરાખંડ દૈવી આપદા પીડિત સહાયતા સમિતિ'ની સંસ્થા છે. તેમાં 'સુધાકર ગોયલ સરસ્વતી વિદ્યામંદિર' અને છાત્રાલય બન્ને છે. તેની અંદરની બાજુ મોટા મેદાનની પાસે નાનકડું 'મનકામેશ્વર' નામે શિવમંદિર છે. બાજુમાં નીચે અતિ રમણીય એવો ગંગાજીનો ઘાટ છે. ઉપરવાસમાં વરસાદને કારણે ગંગાજીનો જળપ્રવાહ માટી મિશ્રિત તેજીલો ને તેનું જળસ્તર વધુ ઊંચે લાગે છે. ગંગાસ્નાન માટે પંદર-વીસ પગથિયાં નીચે ઉતરવાં પડે. મંદિરને અડીને જ 'ગંગાસમદર્શન' નામે નાનો છતાં સ્વચ્છ, સુઘડ

આશ્રમ છે. આશ્રમમાં સુંદર સુંદર રંગબેરંગી પુષ્પો ખીલેલાં રહે છે. પાસેના ડાંગરનાં લીલાંછમ ખેતરો તેની શોભામાં અભિવૃદ્ધિ કરતાં જણાય છે. પવિત્ર, સલામતીભર્યો આશ્રમ, ગંગાજી સમૃદ્ધ પહાડો, પ્રકૃતિ, શિવમંદિર ને સાત્ત્વિક વાતાવરણ અદ્‌ભુત ! મનભાવન છે. કુદરતી વાતાવરણ પણ સમશીતોષણ છે.

આશ્રમનું સુચારુ સંચાલન સ્વામી શ્રી અક્ષયાનંદ સરસ્વતીજી કરી રહ્યા છે. જેઓ સ્વભાવે શાંત, ધીર, ગંભીર, મીતભાષી, મૃદુભાષી અને ખૂબ પ્રેમાળ પ્રકૃતિ ધરાવે છે. દેવભાષા સંસ્કૃતમાં તેઓ વિદ્વાન છે. વેદ-ગીતા-ઉપનિષદના અભ્યાસુ પણ છે.

'ઉત્તરકાશી' તીર્થભૂમિમાં પ્રવેશતાં જ પ્યારા પ્રભુજીનું પ્રેમભર્યું સ્મરણ થયા જ કરે છે. 'પ્રકાશના પંથે' તેમજ 'શ્રી ગુરુલીલામૃત'નું પાવન સ્મરણ પણ સાથોસાથ જ ચાલે છે. શ્રી કાશીવિશ્વનાથ અને લક્ષેશ્વર મહાદેવનું દર્શન કરીને આ સ્મરણ કંઈક ઠરે છે. લક્ષેશ્વર મહાદેવનું વિશાળ મંદિર, વર્ષોપુરાણું ઘટાદાર પીપલવૃક્ષ, નજીકમાં રહેલા ગંગાજી, ત્યાંની શાંતિ, પ્રકૃતિની શોભા, પહાડો, ઘંટનાદ, આરતી...બધું જ પૂજ્ય પ્રભુજીની હાજરી પૂરાવતા હૃદયને સંતર્પે છે.

ઉત્તરકાશીમાં થોડાક કિલોમીટર દૂર સ્વયંભૂ કુટુટિમાતાજીનું મંદિર, વિશ્વનાથ મંદિર પાસે રહેલા ગંગાજીથી એકાદ કિ.મી. દૂર કેદારઘાટ અને તેથી આગળ વધુ ઊંચાઈએ આવેલું શ્રીવિમલેશ્વર મહાદેવ તેમજ રાજરાજેશ્વરીમાતાનું મંદિર જોવાલાયક છે. પહાડની આટલી ઊંચાઈ પર સ્થિત આ શિવસ્થાન અદ્‌ભુત શાંતિનો અનુભવ કરાવે છે. આજુબાજુમાં સુંદર પુષ્પોને વનરાજીથી તેની શોભા વધુ દિવ્યતા ધારે છે.

કુદરતનું કામણ ચિત્રને આકર્ષે છે. સાત્ત્વિકતાથી ભરી દે છે. મૉબાઈલનો ઉપયોગ પણ નહિવત્ જ રહ્યો.

કોઈ વિશેષ સંકલ્પ કે અનુષ્ઠાન લઈને જવાનું નક્કી કર્યું ન હતું. તેમ છતાં બને તેટલો વધુ સમય ઈશ્વરસ્મરણ, ધ્યાનજપમાં પસાર કરવો તે પાકું હતું. તે પ્રમાણે નિત્ય પ્રભાતે વહેલા ઊઠી આછા અજવાળામાં ગંગાસ્નાન પૂર્ણ કરી, શિવજીને અભિષેક અર્પણ કરી, પ્રણામ-પ્રાર્થના પતાવી જપમાં બેસાતું. બપોરે ભોજનપ્રસાદ લઈ થોડીવાર ગંગાજીના ટ્રૅક પર ચાલી, વજ્રાસનમાં દસેક મિનિટ પસાર કરી, ઘાટ પર આવેલા મંડપમાં (કુટિયા જેવો આકારનો) બેસી કે શિવમંદિરમાં બેસી જપ કરતાં. (વચ્ચે ઝોકું આવી પણ જતું હશે કદાચ) આનંદ આવતો. ખૂબ પ્રસન્નતા અનુભવાતી. ભરપૂર આત્મીયતા લાગે ! બપોરે ઊંઘ જરાપણ ના આવતી. રાત્રે પણ ઊંઘ ઓછી જ થતી. અખંડ ગંગાજીનો નાદ સતત કર્ણપ્રદેશમાં ગુંજ્યા કરે ! ગંગાજીની લહેર હોય કે પવનની લહેરખી (શીતળ મંદ પવન), પુષ્પોની ખૂશ્બુ હોય કે મંદિરના દીવાબત્તીની મહેક, રાત્રિના પહાડ ઉપરનાં મકાનોની રોશની સ્વર્ગનો ભાસ કરાવે. અવર્ણનીય કુદરતનું રૂપ ! નજારો ! બધામાં શિવપ્રભુ યોગેશ્વર ભગવાનનાં સ્મરણથી મન ભર્યું ભર્યું રહેતું.

વિશેષ કોઈ સાધના ના થતી. ના કોઈ અનુભવ ! ના અનુષ્ઠાન ! ત્યારે મન એવો તર્ક અવશ્ય કરી લે કે (સ્વબચાવે) અહીં રહેવું જ સાધના હશે. કેવી દિવ્યભૂમિ ! ભલે દૃષ્ટિ ગોચર ના થતી છતાં આસપાસ કે ઉપર, પર્વતોનાં ઊંડાણમાં કોઈ કોઈ સિદ્ધલોક જરૂર હશે. 'મા'પ્રભુજી આપણને જોતાં જ હશે. આમ વિચારી મનોમન કેટકેટલીયવાર પૂ.શ્રીપ્રભુજીને ચરણસ્પર્શ અચૂક થઈ જ જતો. પૂ.શ્રી'મા'ની અનંત કૃપાએ સ્વાસ્થ્યનું

સંપૂર્ણ રક્ષણ થતું હતું. 'ૐ યોગેશ્વરાય નમઃ' એ તારકમંત્ર બહુ પ્રિય લાગતો. ત્યાં ભૂખ કે ઊંઘ કોણ જાણે કેમ ઓછી કે દૂર જતી રહી હશે ??

શ્રાવણમાસ હતો. તે વ્રત તેમજ ઉત્સવોની ઉજવણીનો ગણાય. પ્રજા પણ ઉત્સવપ્રિય હોય છે. ભારતીય સંસ્કૃતિમાં શ્રાવણને પવિત્ર માસનું બિરૂદ મળેલું છે. શિવપૂજાની સાથોસાથ તહેવારોનું માહાત્મ્ય પણ તેની સાથે જોડાયેલું છે. રાષ્ટ્રીયપર્વ (આઝાદીદિન), રક્ષાબંધન (નાળિયેરી પૂર્ણિમા), જન્માષ્ટમી અને ગણેશચતુર્થી તેના મુગટરૂપ દિવસો છે. આ સર્વમાં પંદર ઑગસ્ટનું સ્થાન યોગેશ્વર પરિવારનાં બાળકો માટે અતિમહત્ત્વનું પર્વ છે. રાષ્ટ્રપ્રેમી-દેશભક્ત ગુરુદેવપ્રભુ શ્રીયોગેશ્વરજીનો પ્રાગટ્યદિન. હરિ તો ભૂલાય જ કેમ ?? આ દિન આવતાં જ સ્વર્ગારોહણ પૂ.શ્રી'મા', ત્યાંનો ધ્વજવંદનનો કાર્યક્રમ, પાલખીયાત્રા, કીર્તન ને દેશભક્તિભર્યાં ગીતોનું ગાન, સ્મરણપટને ભીંજવી દે છે.

અહીં 'ગંગાસમદર્શન' આશ્રમથી એક કિલોમીટર દૂર 'સરસ્વતી શિશુમંદિર' નામે શાળા આવેલી છે. ત્યાં અમને ધ્વજવંદનમાં ઉપસ્થિત રહી ધ્વજવંદના (ફરકાવવાનું) કરવાનું સૌભાગ્ય મળ્યું. રાષ્ટ્રીયગીત ગવાયું. વંદના થઈ. ઉપર-નીચે બે શાળાના ભેગા થઈને લગભગ ૧૩૦ વિદ્યાર્થીઓ હતા. આ વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપનો સુઅવસર પણ મળ્યો. જેમાં શ્રીપ્રભુજીના વિદ્યાર્થીજીવન વિશે કેટલીક પ્રેરણાત્મક વાતો કરવાનું બન્યું. દરેક વિદ્યાર્થીને એક બૉલપેન, ફળ, બિસ્કીટનું પેકેટ અને બે-બે ચૉકલેટ વગેરે અપાયું. વિદ્યાર્થીઓ અચાનક મળેલી વસ્તુથી ખૂબ ખુશ જણાતા હતા. (આ પ્રદેશમાં ગરીબી વધુ જણાઈ) (બિસ્કીટનો પ્રસાદ શિલ્પાબેનની ભાવનાથી અપાયો.) અમને પણ આજના પાવનદિને 'મા'પ્રભુજીએ

સત્કર્મનો મોકો આપ્યો તો કંઈક કર્યાનો સંતોષ થયો.

સાંજે મનેરી આશ્રમના સંકુલમાં આવેલા છાત્રાલયના વિદ્યાર્થીઓને (૪૦ થી ૫૦) પણ એક સરસ બૉલપેન અને એક-એક ફળ આપી શકાયું. તેમની સાથે 'પ્રાર્થના'વિષયક વાર્તાલાપ ને પ્રશ્નોત્તરી પણ સરસ થઈ. ઉપનિષદની 'સર્વે ભવન્તુ સુખીનઃ.'(અમે કાનથી મંગલ સુણીયે આંખે જોઈએ મંગલ...)ની વાત, ગજેન્દ્રમોક્ષના પ્રસંગની વાત તેમજ પ્રાર્થના, તેનું જીવનમાં મહત્ત્વ, ગાંધીજી, પ્રાર્થનાના પ્રકારો, તેની અસર, ઊંડાણ, સ્થાન અને બીજી કેટલીક પ્રાર્થના આધારિત ચર્ચા થઈ શકી.

પૂ.શ્રી પ્રભુજીના પ્રાગટ્યદિનપર્વ નિમિત્તે અહીંના (છાત્રાલયના) નિવાસી વિદ્યાર્થીઓ, શૈક્ષણિકવર્ગ અને આસપાસનાં ક્ષેત્રમાં શૈક્ષણિક સેવા બજાવતી શિક્ષિકાબહેનોને ભોજનપ્રસાદ આપી શકાયો. તે ઉપરાંત શિક્ષિકાબહેનો (અગિયારેક હતા) સાથે બે-ત્રણ કલાક ગઢવાલી સંસ્કૃતિ, ગુજરાતી ભજનો, શિક્ષણપદ્ધતિ, સમાજમાં નારી (માતા)નું સ્થાન, કર્તવ્ય, ફરજ, નિષ્ઠા વિશે વાતો થઈ. આનંદનાં પોટલાં ભરી સૌ છૂટાં પડ્યાં.

શ્રાવણમાસનો બીજો મહત્ત્વનો યાદગાર દિવસ રક્ષાબંધનપર્વનો. આ દિવસે વહેલી સવારે શાળાના ચાર નાના વિદ્યાર્થીઓ સ્થાનિક મીઠાઈ અને રાખડી લઈને અમારી પાસે આવ્યા. મને તેમજ શિલ્પાબહેનને રાખડી બાંધી મીઠું મોં કરાવ્યું. અમે પણ તેઓને સ્થાનિક ફળો, ચોકલેટ આપ્યાં. આ અવનવી આકસ્મિક ઘટેલી ઘટનાથી વધુ ખુશ થઈ જવાયું. લાગ્યું કે પૂ.શ્રી'મા' અમને ભૂલ્યા નથી. જાણે સનત્કુમારોરૂપે આવી રક્ષા બાંધી ગયા ! હરિ ! અજબ તારી લીલાને અજબ તારી કૃપાકરુણા ! આવી આનંદની પળો ભાવસંદેશોને સમજી પુષ્ટ કરતી હતી. તે અમને ઉત્સવથી પણ અધિક પ્રિય લાગતી.

સવારે 'મનકામેશ્વર' મંદિરમાં વીસ-પચીસ વિદ્યાર્થીઓ અને તેમના ગૃહપતિજી આવ્યા હતા. બધા શાંતિથી શિસ્તમાં બેસી શિવજપ કરતા હતા. મને આનંદ સાથે આશ્ચર્ય પણ થયું. અહીંના લોકો તહેવારોને કેવી સરસ રીતે ઉજવે છે ! મારા જન્મદિવસ નિમિત્તે મંદિરમાં પધારેલ દરેક વિદ્યાર્થીને એક-એક નમકીનનું પેકેટ અને લક્ષ્મીજી આપી શકાયા. મંદિરના પૂજારીજીને, ગૃહપતિને પણ અપાયું. હરિ, તારી કેવી સુંદર યોજના ! ધન્ય થવાયું.

પૂ.શ્રી'મા' ખૂબ જ યાદ આવતાં હતાં. મારો જન્મદિન હોવાથી લક્ષેશ્વર મહાદેવ જવાની ઇચ્છા થઈ. પૂ.શ્રીસ્વામીજીએ વ્યવસ્થા કરી આપી ને હું ને શિલ્પાબેન ગયાં. ત્યાંના 'કલ્યાણ' આશ્રમે પણ ગયા. ત્યાં 'શારદામઠ'નાં ત્રણેક માતાજીને પણ મળાયું. આનંદ આવ્યો. મનેરી પાછા ફર્યાં.

અહીંના આશ્રમની પાસે આવેલા મોટા ખુલ્લા મેદાનમાં રોજ સાંજે છાત્રાલયના વિદ્યાર્થીઓ કસરતના દાવ તેમજ રમતો રમતા. પોતે શિક્ષક હોવાથી અમથું પણ વિદ્યાર્થીઓ તો ગમે તે પણ સમજુ-સંસ્કારી હોય તો વધુ ગમે. આ બાળકોની સાથે હળવા-મળવાનો તેમને સમજવાનો ફરી એક યોગ બન્યો.

મંદિરની સાંજની આરતીમાં કેટલાક આગેવાન વિદ્યાર્થીઓ આવ્યા ને અમને જન્માષ્ટમી (કૃષ્ણજન્મોત્સવ) પર્વમાં હાજર રહેવાનું આમંત્રણ મળ્યું. અમે ગયાં. રાત્રે ૯.૦૦ વાગે શાળાના હૉલમાં શ્રીકૃષ્ણપ્રભુનું પારણું તૈયાર કરાયેલું હતું. સૌ સાથે મળી કીર્તન કર્યું. ધૂન, ભજન, આરતી ગાઈ. મોડી રાત્રે કૃષ્ણજન્મોત્સવનો આનંદ લઈ પ્રસાદ લઈ ઉતારા પર આવી ગયાં.

ગણેશોત્સવના દિવસે (ગણેશચતુર્થીએ) સેવાઆશ્રમ અને શાળાસંકુલની કેટલીક ધર્મપ્રિય બહેનોનાં આગ્રહથી મહાદેવના મંદિરમાં ગણપતિજીની સ્તુતિ, ભજનો ને ધૂન બધાંએ ભેગાં મળી

ગાઈ. મઝા આવી. પર્વતનિવાસી લોકોની ધર્મભાવના, પવિત્રતા ને સમજ પાસે મસ્તક ભાવથી ઝુકી જાય. ઉત્સવપ્રતિ તેમની આસ્થા, જાગૃતિ ને મહત્ત્વ કેટલું બધું હોય છે તે અનુભવ્યું.

વળી એક દિવસ સૌની સાથે ગંગોત્રીદર્શને જવાનું પણ થયું. શાંતિથી જપ કરતાં નિરાંતે મંદિરમાં બેસાયું. જરાપણ ભીડ ન હતી. વધુ વરસાદને કારણે ગંગોત્રીના ઘણા ઘાટને મોટું નુકશાન થયું હતું. ભારે જળપ્રવાહે ઘાટ ખંડિત કરી દીધા હતા. મંદિરની સામે કિનારે પહાડની ઉપર એક ગુફામાં હનુમાનભક્ત પૂ.શ્રી ધર્મિષ્ટા માતાજી અને પૂ.શ્રી નિવૃત્યામાતાજીના દર્શન-સત્સંગથી લાભાન્વિત થવાયું. બહુ આગ્રહથી તેઓએ અમને લીચીંનું શરબત અને ફુલાવરના પરોઠા જમાડ્યા. શિલ્પાબહેનને ગ્લાસમાં કૉફી ઉપર કલાત્મક રીતે ૐ અને 卐 સ્વસ્તિકનું લીક્વીડ ચોકલેટથી સુશોભન કરી આપ્યું. ઈશ્વરને પણ સુંદરતા ગમતી હશે ! બન્ને માતાજી માટે જે પણ કંઈ ઉપયોગી સામાન લઈ જવાયો હતો તે અપાયો. તેમણે ખૂબ પ્રેમથી સ્વીકાર્યો. અમને પણ તેથી અપાર આનંદ થયો. તેઓ અમને છેક નીચે ટેક્ષીસ્ટેન્ડ સુધી મુકવા આવ્યાં. ભાવભર્યે હૈયે વિદાય લઈ અમે મનેરી આશ્રમ મોડી સાંજે પહોંચી ગયાં. મંદિરમાં આરતીનો સમય થતાં તેમાં જોડાયાં. પવિત્ર, સુખદ સ્મરણો વાગોળાઈ રહ્યાં.

'મા'-પ્રભુજીને મનોમન વારંવાર સાષ્ટાંગ થઈ ગયા કે જીવનમાં એમણે કેવો સુંદર સુયોગ સર્જ્યો કે આ દિવ્યભૂમિમાં સુખભર રહેવાનું સુરક્ષિત, સાત્ત્વિક સ્થાન મેળવી આપ્યું. સંપૂર્ણ સ્વતંત્રતા છતાં ભારોભાર શિસ્ત. બધી જ અનુકૂળતા. આપી અને આરોગ્યની પણ રક્ષા કરી રહ્યાં છે. પ્રણામ દેવાધિદદેવ યોગેશ્વર ભગવાનને અને વિશ્વશક્તિ 'મા' જગદંબા સર્વેશ્વરીને અનંત..અનંતકોટિ પ્રણામ પણ ઓછા પડે તેવી તેમની કૃપાની ધાર..ધારેધાર..ધન્ય 'મા'-પ્રભુજી આપની દીનવત્સલતાને !

**—ડૉ.અરુણા ઠાકર**

# ।। શ્રદ્ધાના શિખરે ।।

જય કૃપાળુ 'મા'... પૂજ્ય શ્રી'મા'ના શ્રીચરણોમાં અબજો અબજો અબજો પ્રણામ પ્રણામ પ્રણામ...પૂજ્ય શ્રી'મા' આપની કૃપાઆશિષ કેવાં કેવાં અશક્ય લાગતાં કામ ક્ષણમાં કરી શકે છે તેનું દર્શન સોનલબેનના કરોડરજ્જુના મણકામાંથી પ્રવાહી લીક થયેલ હતું. અને તેના કારણે ઓપરેશન કરવાની જરૂરિયાત ઊભી થઈ. સોનલબેનનું ઓપરેશન બપોરે ૩.૦૦ વાગ્યાની આસપાસ કરવાનું હતું અને સવારથી બીપી ચેક કરવામાં આવતું હતું પણ બીપી ૨૧૭ ! સફળતા મળતી ન હતી. બપોરે ૨.૦૦ વાગ્યે સોનલબેનને ઓપરેશન થિયેટરમાં લઈ ગયા ત્યારે પણ બીપી વધારે જ હતું સોનલબેન બધા મેડિકલ સ્ટાફ અને ડોક્ટરો સાથે હસતાં રહેતાં હતાં. પણ બીપી વધારે જોતા ડોક્ટર પણ આશ્ચર્યચકિત કે આ સોનલબેન હસે છે તો પણ તેમનું બીપી કેમ વધારે છે ? તે સૌ મૂંઝવણમાં હતા અને ઓપરેશન મોકૂફ રાખવા માટે વિચારતા હતા અને એમણે નિર્મલકુમાર (અમારા જમાઈ જે એમના મિત્ર છે) ને કહ્યું પણ ખરું કે આવતા અઠવાડિયે કદાચ ઓપરેશન કરવું પડે. અને ૫ થી ૬ સ્વજન પાસે ડોક્ટરસાહેબ આવીને કહે છે કે બીપી હાઈ છે એટલે અમે તેને નીચું લાવવા પ્રયત્ન કરીએ છીએ પણ સફળતા મળતી નથી..ત્યારે અમે બધા સ્વજનોએ વરદ હસ્તની પ્રાર્થના કરવાનું નક્કી કર્યું. અને જ્યારે ડોક્ટર સાહેબ ઓપરેશન કરવા પહોંચ્યા છે ત્યારે તેમના આશ્ચર્યનો પાર ના રહ્યો ! સોનલબેનનું બીપી તદ્દન સામાન્ય. ડોક્ટર સાહેબને આ ઘટના ચમત્કારિક

લાગી કે આવું કેવી રીતે શક્ય બને ? આટલાં બધાં વર્ષોના અનુભવના આધારે હું કહું છું કે આ કેવી રીતે શક્ય બને ? એટલે તેમણે નિર્મલકુમારને પૂછ્યું કે તમે બધા બીપી નોર્મલ આવે તેના માટે કોઈ પ્રાર્થના કરતા હતા ? (પણ ડોક્ટર સાહેબને ક્યાં ખબર પૂજ્ય શ્રી'મા' છે તો બધું જ શક્ય છે. "મા છે તો મુમકિન છે") તો નિર્મલકુમારે કહ્યું હા એ સૌ સ્વજનો પ્રાર્થના કરતાં હતાં. હા એ સૌ વરદહસ્તની પ્રાર્થના કરતાં હતાં. અને અમારા સદ્ગુરુ અંબાજી બિરાજમાન છે. અને પરિવારના સૌને તેમના પર અનન્ય શ્રદ્ધા છે. અને એમની કૃપાથી જ આ બધું શક્ય બને છે. ત્યારે તેઓ પણ ભાવવિભોર થયા. અને ત્યારે નિર્મલકુમારે પૂજ્ય શ્રી'મા'-પ્રભુ વિશે આછો પરિચય પણ આપ્યો અને ડોક્ટરે સાહેબે તેમને પણ અંબાજી પૂજ્ય શ્રી'મા'-પ્રભુના દર્શને લઈ જવા માટે વિનંતી કરી. અને તેઓ પણ પૂજ્ય શ્રી'મા' જગતજનની જગદંબાના દર્શન માટે તત્પર થયા. હે 'મા' આપ જ આ બધા કષ્ટોને હરો છો, અને અમને સૌને સલામત રાખો છો. હે 'મા' અમારી સૌની સતત શ્રદ્ધા આપના શ્રીચરણોમાં વધતી રહે એ જ આપના શ્રીચરણોમાં પ્રાર્થના..પૂજ્ય શ્રી'મા'ને સંદેશો મોકલ્યો તો પૂજ્ય શ્રી'મા'ના કૃપા આશીર્વાદ સમો આ પ્રત્યુત્તર મળ્યો :

**"જ્યાં જ્યાં શ્રદ્ધા છે ત્યાં ત્યાં પરિણામ છે જીવનના દરેક તબક્કે શ્રદ્ધા વધતી રહો પ્રાર્થના બંધ બારણાં ઉઘાડી શકે છે"**

**–શ્રી અશ્વિન કાકા**

# ॥ સંતની વિનમ્રતા ॥

લાઓત્સે કહે છે : 'માણસ પાછળ નહિ, આગળ જ ચાલવા ચાહે છે.' લોભ, વાસના, તૃષ્ણાનો બોજ તેને ભારેખમ બનાવી દે છે.

સંતની ઉપર-આગળ થવાની કલા અનોખી હોય છે. એ કોઈની ઉપર કે આગળ નહિ, પ્રેમથી બીજાનો ભાર પોતાના માથા પર લઈ, સામાને નિર્બોજ કરી દે છે.

કોઈના પણ અહંકારને ચોટ આપ્યા વિના વિનમ્રતાનું વાતાવરણ રચે છે.

એમની ચાલ, એમનું બેસવું-ઊઠવું વિનમ્ર. પગ રસ્તો કાપે પણ પદધ્વનિ ન સંભળાય છાયાની જેમ આવે. જ્યારે અહંકારી ચાલે ત્યારે એના પગની ચોટમાં સંભળાય 'હું આવું છું, રાહ જુઓ.'

નિશ્ચિત Passivity, અક્રિયતા, અકર્મીની દશા, કર્મની આહટ ન સંભળાય, 'હું ચાલતો નથી, કોઈ ચલાવે છે.' શૂન્યનો પ્રતિધ્વનિ ઊઠે એની ચાલમાં.

શ્રેષ્ઠ, ઉત્તમ મનુષ્ય બીજાને નિર્બોજ કરે, હીન માણસ લોકોના માથા પર સીડી મૂકીને ચઢે છે.

સંતની ગરિમા આંતરિક છે, બીજા પર આધારિત નથી, સ્પર્ધામાં નથી, સંબંધમાંયે નથી. એ એકલી જીવે છે, હિમાલયના એકાંતમાંય એ શ્રેષ્ઠ જ રહે છે. એને કશું સિદ્ધ નથી કરવું હોતું. એની પાસે શાસ્ત્રો-સિદ્ધાંતો નહિ, જીવન છે.

શ્રી રામકૃષ્ણ કહેતા : 'મેં ક્યારેય દાવો કર્યો છે તમારી પ્રતિભાને જીતવાનો ? હું તો નિરક્ષર છું. પણ તમારામાં આટલી પ્રતિભા જોઈ પરમાત્મા હશે જ એમ માનું છું. કેશવ તું માટી કે પથ્થર નથી, મહાન પ્રતિભા છે.' સંતના ભીતરનું આકાશ એટલું વિસ્તૃત, કે ત્યાં મહાશૂન્ય ભાસે. કોઈ અવરોધ, અડચણ નહિ. પણ ત્યાં સુભાગી જ પહોંચી શકે. જે પાસે આવે તેમની જીતવાની શક્યતા નહિવત્. હારવાની જ સંભાવના કિન્તુ જેમ વધારે પાસે જશે તેમ 'મટી જવાની આકાંક્ષા' તીવ્ર થશે. તમે શુદ્ધ કુંદન થઈ જશો, કચરો બળી જશે. રાત પછી સૂરજ નિશ્ચિત પણ અંધારામાંથી ગુજરવાનું સાહસ જોઈએ.

**—સંકલન**

# ॥ સાધનાપાથેય ॥

જીવનનું લક્ષ્ય પ્રાકૃતમાંથી સંસ્કૃત બનવું એ છે. મનુષ્યદેહમાં જે સામગ્રી મળી છે તેનું શુદ્ધીકરણ કરવું. જેવી રીતે ખાણમાંથી અશુદ્ધ અપરિષ્કૃત સ્વરૂપમાં સોનું મળે છે, તેને શુદ્ધ કરવામાં આવે છે તેવી રીતે હાડ-માંસ લોહી મજ્જાઓથી બનેલી આ કાયામાં સુવર્ણ પડ્યું છે—આત્મતત્ત્વનું. તેને પરિશુદ્ધ બનાવવું એ જ તો આપણું જીવન છે.

સાધના દ્વારા કોઈ પ્રાપ્તિ નથી કરવાની, અશુદ્ધિને હટાવવાની છે. અશુદ્ધમાંથી શુદ્ધ બનાવવાની જે શુદ્ધીકરણની પ્રક્રિયા છે. એ જ અધ્યાત્મ છે.

પ્રારબ્ધ એટલે 'પ્રાક્ આરબ્ધમ્'. પહેલેથી તે શરૂ થઈ ચૂક્યું છે. તેને સાધનાનું  માધ્યમ બનાવવા તેની સાથે તકરાર નહિ. સમજણભર્યો સંવાદ કરવાનો છે. આપણે કયાં ઊભા છીએ ? કયા સ્તરે છીએ ? કઈ કઈ જવાબદારીઓ છે. આ પ્રશ્નોથી શુદ્ધીકરણનો પ્રારંભ કરવાનો છે. શુદ્ધિમાં સામર્થ્ય છે. પોતાના વિવેકથી પોતાનું શુદ્ધીકરણ કરવાનું છે.

પહેલાં તો શરીરના સ્તરે ખાન-પાન-વહેવારમાં જે અશુદ્ધિઓ છે તેને પરિમાર્જિત કરવાની છે. આદતને કારણે આવનારી લાચારી નહિ, જાગૃતિપૂર્ણ વ્યવહાર થવો જોઈએ.

પરિવારમાં રહેતાં હોઈએ તો 'હું કંઈક વિશિષ્ટ છું, હું સાધના કરવાની છું-કરવાનો છું.' એવો આતંક ફેલાવવાનો નથી. મધુરતાથી બધાંના સહયોગથી સહજભાવે કર્મ કરાય તો તે બાધક ન બને, વૈજ્ઞાનિક ઢંગથી થાય તો કર્મ સાધક બની શકે.

આહારવિહારના સ્તર પરથી શુદ્ધીકરણ શરૂ થાય ત્યારે તમે

પોતાની સમજ અનુસાર ડગ માંડો ત્યારે એ શુદ્ધીકરણનું પરિણામ પરિવાર સહર્ષ નોંધે ને તે પણ જાગૃત થાય. પણ આક્રમક રીતે નહિ.

આપણે જે પરિવારમાં, નોકરી-ધંધામાં છીએ ત્યાં સાધનાના પ્રારંભનું સાહસ કરવું પડશે. પણ સંપૂર્ણ અનાક્રમક રીતે ! અત્યંત વિનમ્રતાથી દૈહિક તેમજ આહારવિહારના સ્તરે શુદ્ધીકરણની પ્રક્રિયા શરૂ થાય. અને આવરણોમાં રહેલ આત્માને ઓળખવા પહેલાં આવરણોને શુદ્ધ કરીએ.

વ્યવહારમાં યથાશક્તિ શુદ્ધીકરણ થઈ જશે તો તેની સાથે સાથે લોકો સાથે સંબંધ રાખવાની જે વાણી છે તેને પણ પ્રદૂષણમુક્ત કરવી પડશે. પછી 'I did not mean it' કહેવું નહિ પડે. કેમકે if you do not mean it why did you say it ? એવી અભાનતા-બેહોશી સાધકમાં ન ચાલે.

વાણી એ બાહ્ય અને આંતરજગતનો સેતુ છે. તેમાં અતિશયોક્તિ નહિ, અન્યથા વચન નહિ. વિનોદ-ઉપાલંભમાં પણ બીજો શબ્દ ન નીકળે. પાંચથી ચાલે ત્યાં પચીસ શબ્દો ન વાપરવા કેમકે બોલવામાં જીવનશક્તિ ખર્ચાય છે. નાદમાં અગ્નિ અને જળ બંને તત્ત્વોનો વ્યય થાય છે. અનુચિત, અનાવશ્યક વાક્‌વ્યાપારથી તેની પ્રાણશક્તિ નષ્ટ થાય છે.

એટલે વ્યવહારશુદ્ધિ બાદ વિવેકપૂર્ણ જાગૃતિથી વાણીની શુદ્ધિ અનિવાર્ય.

સાધનાના નામે આપણા મનમાં કેટલાક 'હવાઈ તુક્કા તરંગો' ભરેલા હોય છે. અને જે સામે છે, વહેવારુ છે, સર્વસુલભ છે તે કરતા નથી.

માણસ કેમ ઊઠે છે, ચાલે છે, ક્યાં કેટલી ગતિની

આવશ્યકતા છે, તેની ચાલ આક્રમક કેમ છે ? ધરતી ઉપર પગ મૂકશે તો જાણે ધરતી પર ગુસ્સો કાઢી રહ્યો છે, અંદરના ચિત્તની દશા હલનચલનમાં પ્રતિબિંબિત થાય છે.

એટલે જ જ્ઞાનેશ્વર કહે છે : 'મધુરભાષી બનવું.' જે સત્ય-પ્રિયકર વાણી. આ વાઙ્મય તપ છે. આપણે ઊઠતાં-બેસતાં, ઘરમાં, બહાર બધે તપોભૂમિ રચી શકાય છે.

જો જાગૃતિ હોય ને જાગૃતિપૂર્વકનો વાણીનો વ્યવહાર હોય તો તે ચિત્તશુદ્ધિ લાવે છે ને વાતાવરણમાં પણ શુદ્ધિ લાવે છે. બહાર શબ્દોના ચાબુક ને મંદિરમાં ભજન આવો ભેદ શા માટે ? પ્રત્યેક વ્યવહારને શુદ્ધીકરણની પ્રક્રિયા કેમ ન બનાવાય ?

આમ તો 'A Science of Living is an eternal Process of Purification' શ્વાસોચ્છ્વાસમાં બહારથી શુદ્ધ હવા લઈ અંદરની અશુદ્ધિ બહાર જ કાઢવામાં આવે છે ને ! જીવનનું નામ જ શુદ્ધીકરણની પ્રક્રિયા છે.

બીજી એક મહત્ત્વની વાત 'ચિત્તના વ્યાપારનું અવલોકન' છે. અભ્યાસ કરીને ચિત્તમાં જે વિકૃતિઓ-ગંદકીઓ પડેલી છે તેનો પરિચય કરી લેવાનો છે.

આત્મવંદના, આત્મછલના, આત્મપ્રતારણાને બદલે સ્વપરિચયથી મર્યાદાનો સ્વીકાર કરી લેવાનો. જેમકે, 'હા, મને ગુસ્સો આવ્યો હતો, સંતુલન જતું રહ્યું હતું અવાજમાં આક્રમકતા આવી ગઈ હતી. માફ કરજો.' આ માનવીય વ્યવહાર શુદ્ધીકરણની પ્રક્રિયાનો પુનિત પ્રવાહ બની જાય છે. પછી ગંગાજી સુધી જવાની જરૂર નથી રહેતી.

પછી ધ્યાન, સત્સંગ કરનાર અહંકારથી બીજા પર પોતાના કૌશલ્યને થોપવાને બદલે, નમ્રતાથી કહેશે. 'હા, હજી મલિનતા

ચિત્તમાં રહી ગઈ છે.' એટલે મનુષ્યો-માનવીય સંબંધો વચ્ચે રહીને ચિત્તનું શુદ્ધીકરણ સધાયા કરશે. સંબંધિત હોવું તે તો જીવવું છે ! આપણા હેતુ, એનું ઉચ્ચારણ-આચરણ એ જ તો આપણા હાથમાં સાધનાનું ક્ષેત્ર છે, સાધન છે.

ક્યાંય નાસી જવાની જરૂર નથી. માનવદેહમાં અવતરવું એ જીવનની મોટી કૃપા છે.

ચિત્તની શુદ્ધિ કર્મ-વાણી દ્વારા કરાયા પછી પણ આનુવંશિક સંસ્કારોને કારણે કંઈક શેષ રહી જાય છે તો તે માટે 'મૌનની ગંગા' મદદ કરે છે.

મૌનમાં અંદર જતાં જે દેખાય તેનું નથી સમર્થન કરવાનું, નથી નિંદા કરવાની. એમાં સંકલ્પ-વિકલ્પ મુક્ત નિરીક્ષણ. કેવળ આત્મવલોકન ! તે ગંગાધારા બની પવિત્ર કરે છે. તથ્યોની સામે વકીલ બની બુદ્ધિથી બચાવ કરવાને બદલે પ્રાંજલતાથી જોઈ લેવાનું છે.

તમે મુક્તિપંથના સાધક છો તેથી નથી બીજાને છેતરવાના નથી પોતાની જાતને છેતરવાની ! દોષ કબૂલ કરી લેવાના. પ્રાયશ્ચિતથી પણ શુદ્ધીકરણ થાય છે.

આમ, સજગ વ્યવહાર, સભાન વાણીવ્યવહાર, ને પ્રાંજલ આત્મનિરીક્ષણ પછી 'શુદ્ધ વ્યવહાર' થાય. આ ત્રિવેણીને આપણે જીવનમાં સ્થાન આપીએ તો આગળનું કામ જીવન સંભાળી લેશે.

પછી તો 'માનવતાના પાત્રમાં સમાયેલું, રગરગમાં પ્રસરેલું જે દિવ્યતાનું અમૃત છે તે સમાજમાં પ્રગટ કરી દેવાનું છે.'

સાધનાનું આ પાથેય ઉપયોગી છે. પછી સાધનાના નામે, જીવનવ્યવહારથી પૃથક્ એવા કોઈ ક્રિયાકાંડની અનિવાર્યતા નથી.

સંસ્કારગત કોઈ ક્રિયાકલાપ પ્રિય લાગે તો તે કરવાથી તે

બાધક નહિ થાય. માત્ર સાવધાન રહીને કરો.

નામજપ કરવા ગમે છે તો તે કરો. જે પરંપરાગત છે, ચિત્ત પર તેની પકડ છે, તે બોલવાથી નાદ દ્વારા શુદ્ધિ તો થશે જ. ગંગાસ્નાન, તીર્થયાત્રા, મંત્રોચ્ચાર, નામસ્મરણ આનંદ આપે છે, ચિત્તને સ્થિર કરવામાં મદદ કરે છે. તમને વિગ્રહ-મૂર્તિમાં રસ હોય, ધૂપ-દીપ કરવામાં આનંદ સંસ્કારવશ પરિવારની જવાબદારીના ભાગરૂપે દીવો કરવાનો કુલાચાર હોય તો તે કરો. પણ શારીરિક, વાચિક, માનસિક, સ્તર જે સાધનાના ત્રિવિધ પથ છે તે તો જીવનભરની સાધના છે.

વળી, દરેક સાધકે સમજી લેવાની જરૂર છે કે, બહારથી જે શરીર, મન, બુદ્ધિમાં રહેવાનું છે તે પિંજર નથી, તમારો નિવાસ છે. ત્યાં તો સંબંધોમાં જ જીવવાનું છે. આ આંતરિક સ્વાધીનતા છે, જેમાં પરવશતા નથી—ન ઈન્દ્રિયોની, ન સામાજિક મૂલ્યાંકનોની, ન મૃત્યુના ભયની !

તુલસીદાસ કહે છે તેમ ‘મારું ચિત્ત જો સમજીને સ્વાવલંબનના ખૂંટા સાથે બંધાયેલ હોય, તે શક્તિ મારામાં હોય તો આ ઈન્દ્રિયો મારા પર હસશે નહિ અને મને જ્યાં ત્યાં લઈ જશે નહિ. હું પરવશ નહિ રહું, આત્મવશ રહીશ.’

મનુષ્ય આત્મવશ જીવવાનું શરૂ કરી દે એ સાધનાનું પાથેય છે.

બધાના હૃદયમાં ‘સત્યની જિજ્ઞાસા’ જાગૃત થાય અને તે ‘જિજ્ઞાસાથી ઉપલબ્ધિની જે યાત્રા’ છે તે યાત્રા પોતાના ઘેર રહીને, પરસ્પર મળતા રહીને, સત્સંગોથી ચાલતી રહે—તો પ્રત્યેક સાધનાની આ ફલશ્રુતિ છે.

**—શ્રી વિમલા ઠકારના પ્રવચનમાંથી સાભાર**

# ॥ શ્રીરંગ અવધૂતજીનો એક પ્રેરક પત્ર ॥

વહાલાં આત્મસંતાનો !

હરેક પળે, હરેક સ્થળે, હરેક અવસ્થામાં પરમ કારુણિક પરમાત્માની ઉપસ્થિતિ અનુભવો. હરતાંફરતાં, ઊંઘતાજાગતાં, ઊઠતાંબેસતાં કે કામ કરતાં એના સાન્નિધ્યનો સાક્ષાત્કાર કરો. શ્વાસેશ્વાસે એની હસ્તીનું અનુસ્મરણ કરો-નસે નસમાં એનો અનાહત પદધ્વનિ સાંભળો !

રામ કહો કે રહેમાન કહો, ઈષ્ટ કહો કે ક્રાઈસ્ટ કહો, કૃષ્ણ કહો કે કરીમ કહો, દત્ત કહો કે દાતાર કહો, વિબુધ કહો કે બુદ્ધ કહો, આતમ કહો કે પ્રીતમ કહો, ઈશ્વર કહો કે અલ્લાહ કહો, અઉર્મઝૂદ કહો કે આત્મસ્ત કહો, પરબ્રહ્મ કહો કે પરમેશ્વર કહો, વિશ્વાત્મા કહો કે વાસુદેવ કહો, શિવ કહો કે પિવ કહો, રંગ કહો કે રબ કહો, પુરુષોત્તમ કહો કે પારસનાથ કહો, ભગવતી કહો કે મેરી કહો, મરિયમ કહો કે માતા કહો, કે બીજું કાંઈ કહો, પુલ્લિંગી, સ્ત્રીલિંગી કે નપુંસકલિંગી ફાવે તે નામથી એને પોકારો, જે કોઈ છે તે એ જ છે. અનંત નામોમાં એ એક જ અખિલાધાર, અનામી રહેલો છે ! અનંત રૂપમાં એ એક જ અરૂપી લપાયેલો છે.

પર્વતોમાં એનું સ્થાણુત્વ નિહાળો, નદીઓમાં એની દયાર્દ્રતા અનુભવો, સૂર્ય, તારા, નક્ષત્રોમાં એના ક્ષણેક્ષણે નવીનતાભર્યા સૌન્દર્યની ઝાંખી કરો ! પ્રાણીમાત્રમાં એ હરતાફરતા 'સત્યં શિવં સુન્દરમ્'ને પિછાનો. જાતિજાતિમાં એ અજાતને જોતાં શીખો ! તમારું રોમરોમ એનાથી ભરી દો. તમારું બધું જીવન એના અસ્તિત્વથી ઓતપ્રોત બનાવો. તદ્રૂપ થાઓ-તન્મય બનો.

હાથથી એના મંગલ કાર્યમાં સાથ દો. પગથી એના આશીર્ધામમાં ડગ માંડો. મુખથી એનું પુણ્ય નામ ઉચ્ચારો, શબ્દેશબ્દમાં એની મૃદુતાનો સ્પર્શ કરો !

એક શબ્દ પણ એવો ન ઉચ્ચારો જેથી એના વિશ્વસંગીતમાં

ક્ષોભ ઉત્પન્ન થાય. એક કદમ પણ એવું ન ઊઠાવો, એક કર્મ પણ એવું ન કરો, જે એની સમક્ષ ન કરી શકો. એક વિચાર પણ એવો ન ઊઠવા દો-એક શ્વાસ પણ એવો ન લો, જેથી એની વિશ્વશાંતિમાં તલભર પણ વિક્ષેપ ઊભો થાય !

અહંનો અંચળો ફેંકી દઈ એક નિર્દોષ નિરપેક્ષ નગ્ન બાળકની માફક નિર્દંભ દિગંબર ડિંભની જેમ એની સમક્ષ, ઊભા રહો. માગણની માફક હરગીજ નહિ ! નશ્વર જગતમાં એ નાટકી નટવરની રમતનું રમકડું થઈને રહો ને જુઓ શી મઝા આવે છે ! એના પગનો ફૂટબોલ થઈને ઊછળો ને જુઓ કે એના અનંત ઐશ્વર્ય-આકાશમાં તમે કેવા ઊડો છો ! બાળકે ખાધુપીધું કે નહિ, એ ઉઘાડું છે કે ઢાંકેલું, સ્વચ્છ છે કે ગંદું, બીમાર છે કે તંદુરસ્ત-એ બધાયની ચિંતા એની માને છે, બાપને છે, બાળક થઈને રહો અને એની અમર હૂંફ અનુભવો ! જગત કે જગદીશ કોઈની પાસે માગણની કશી જ કિંમત નથી; કદાચ બટકું મળે તો પણ તિરસ્કારથી-પરાયાની બુદ્ધિથી. પણ નિર્દોષ બાળકને જોતાં જ દુશ્મનમાં પણ આત્મીયભાવ પ્રગટ થાય છે, એ ખૂબ યાદ રાખો ! વિશ્વબાપની અનંત સમૃદ્ધિના વારસ હોવા છતાં, કોઈ અશરણ અનાથની માફક ભિખારીવેડા શેના આચરો છો ? ઊઠો, જાગો અને તમારા સ્વયંભૂ હકની જાણ સાથે એ અનાદિ હકની વિશ્વંભર પરમાત્માની અનંત ઐશ્વર્યભરી છાયામાં વિનમ્ર થઈ બાળભાવે બાંગ પુકારો ને એની અખંડ યાદમાં નિર્ભય, નચિંત થઈ મસ્ત વિચરો ને તમારી જન્મજાત બાદશાહતનો ઉપયોગ લો !!

અનંત કોટિ સૂર્યોની પ્રભાવાળા સર્વજ્ઞ યોગીઓ, સમર્થ મહાત્માઓ અજ્ઞાનઅંધારનો વિલય કરી ઉજાસ પાથરતા રહ્યા છે.

ભારતના અનેક સિદ્ધ-સંતોએ-દાર્શનિકોએ પોતાની દિવ્ય અનુભૂતિને પોતાના વચનામૃત દ્વારા અભિવ્યક્ત કરી છે, ભક્તોનું માર્ગદર્શન કર્યું છે.

—સંકલન

# ગાયત્રી મંત્રના પ્રખર પ્રણેતા અને પ્રસારક

## ।। પંડિત શ્રીરામ શર્મા આચાર્ય ।।

બીજી જૂનના રોજ જેઓની ચોત્રીસમી પુણ્યતિથિ છે, એવા પંડિત રામશર્મા આચાર્યજીનો જન્મ ઉત્તરપ્રદેશના આગ્રા જિલ્લાના આંખલખેડા ગામે અને ૧૯૧૧ના સપ્ટેમ્બર મહિનાની વીસમી તારીખે થયો હતો. પણ, આચાર્યજી તેમનો સાચો જન્મ વસંતપંચમીના દિવસે થયો હોવાનું સૌને કહેતા હતા. કારણ કે, એ દિવસે એમનો સદ્‌ગુરુ સાથે સંગ થયેલો. તેઓ દઢપણે માનતા હતા કે, "સાધકને જ્યારે સદ્‌ગુરુ મળે છે ત્યારે, તે દ્વિજત્વ અર્થાત બીજો જન્મ ધારણ કરી બ્રાહ્મણત્વના માર્ગ ઉપર ચાલવાનું શરૂ કરતો હોય છે." એ રીતે ગણીએ તો એમનો બીજો જન્મ "વસંતપંચમી"ના દિવસે થયો ગણાય.

જેને ભગવાનના રાજકુમાર કહી શકાય અને જેઓ સમસ્ત પ્રાણીઓમાં મુકુટમણિ રૂપ શોભે છે, એવા મનુષ્યનો જન્મ માત્ર પેટ અને વજનના માટે જ નથી થયો. મનુષ્યનો જન્મ ચોક્કસ ધ્યેય સાથે થયેલો છે, એવું દઢપણે પંડિત રામશર્મા આચાર્યજી માનતા હતા. તેઓ માતા ગાયત્રીના સિદ્ધ ઉપાસક તરીકે જગવિખ્યાત છે, પણ પોતાના જીવનકાળના શરૂઆતના વર્ષોમાં તેઓએ સ્વાતંત્ર્યસેનાની તરીકે કામ કરેલું. આઝાદીની લડતમાં તેઓએ ગાંધીજી સાથે આસનસોલ જેલમાં ત્રણ વર્ષનો જેલવાસ પણ ભોગવેલો. બચપણથી જ તેમનામાં રાષ્ટ્રભાવના પ્રબળ હોવાથી યુવાવસ્થામાં તેઓ પવનાર આશ્રમમા વિનોબા ભાવે સાથે રહેલા. સાબરમતી આશ્રમમાં પણ તેઓ ગાંધીજી સાથે

કેટલોક સમય રહેલા. ભારત સરકારે એમની રાષ્ટ્રભાવનાની કદર કરીને, તેઓની યાદગીરીમાં એક રૂપિયાની ટપાલટિકિટ બહાર પાડી હતી. આઝાદીની ચળવળના સેનાનીઓ તો પંડિતજીને 'રામમત્ત'ના ઉપનામથી જ ઓળખતા હતા.

ગુરુ સર્વેશ્વરાનંદના આદેશથી તેઓએ હિમાલયની ત્રણ વખત સાધનાત્મક યાત્રા કરીને અખૂટ ઊર્જા પ્રાપ્ત કરી હતી. પોતાના વિચારક્રાંતિ અભિયાનને સિદ્ધ કરવા માટે તેઓએ અખંડ દીપકની સાક્ષીએ ગાયત્રીમંત્રના ચોવીસ લાખના એક એવા, ચોવીસ અનુષ્ઠાન સંપન્ન કર્યા હતાં. પોતાના અનુષ્ઠાનની તપસાધના દરમિયાન તેઓએ ગાયને જવ ખવડાવી, એ જવ પોદળામાં નીકળે એને સાફ કરી, એની રોટલી બનાવી, માત્ર જવની રોટલી અને મોળી છાશનો આહાર ગ્રહણ કરેલો. આવી કઠોર તપસાધનાના કારણે તેમણે ઈન્દ્રિયો પર સંયમની સિદ્ધિ મેળવી હતી. આજના જમાનામાં સંસારમાં રહી, આવી કપરી સાધના કરવી લગભગ અસંભવ જ ગણી શકાય. એમણે અખંડ દીપક સાથે જે સાધના કરેલી, એ દીપક આજે પણ પ્રજ્વલિત છે અને બે વર્ષ પછી, સને ૨૦૨૬માં આ અખંડ દીપકને સો વરસ પૂર્ણ થવાના છે.

આવા તપસ્વી મહાપુરુષને આપણા ઈતિહાસપુરુષ અને ''ભારતરત્ન'' એવા મદનમોહન માલવિયાજીએ યજ્ઞોપવીત સંસ્કાર કરીને ગાયત્રીમંત્રની દીક્ષા આપી હતી. રામશર્માજીમાં રહેલી અગાધ શક્તિને પારખી જઈને ગાંધીજીએ જ તેમને કહેલું કે, ''આઝાદીનો મોરચો અમે સાંભળીશું. તમે ધર્મતંત્રમાં પ્રવેશી ગયેલા વહેમ, મૂઢ માન્યતાઓ, ભ્રાંતિઓ અને અંધશ્રદ્ધાઓ જેવા દૂષણોને દૂર કરવા આધ્યાત્મિક ક્ષેત્રે જાગૃતિ લાવવાનો પુરુષાર્થ કરો.''

ગહન ચિંતન અને મનન પછી તેઓને લાગેલું કે, મનુષ્યના ભ્રષ્ટ આચરણ માટેનું એક માત્ર કારણ તેનું દુષ્ટ ચિંતન જ છે. માટે એનો એક જ ઉપાય છે કે, વ્યક્તિનો જીવનમાર્ગ અર્થાત દૃષ્ટિકોણ બદલાય તો વ્યક્તિમાં આમૂલ પરિવર્તન લાવી શકાય છે. વાલિયા લૂંટારાનો દૃષ્ટિકોણ બદલાવી શકાયો હતો એટલે એ ઋષિ વાલ્મીકિ બની શક્યા હતા. બસ, આ જ ભાવનાને કેન્દ્રસ્થાને રાખીને પંડિત રામશર્મા આચાર્યજીએ વ્યક્તિમાં રહેલી મંથરારૂપ દુર્બુદ્ધિને હટાવી અને સદ્‌બુદ્ધિની દેવી માતા ગાયત્રીની સ્થાપના કરવાનો સંકલ્પ કીધો હતો. એમના પ્રચંડ પુરુષાર્થથકી વેદવિદિત ભારતીય સંસ્કૃતિની ઉન્નતિના જયઘોષનો પ્રારંભ થયેલો. માતા ગાયત્રી અને પિતા સત્કર્મના પ્રતીક એવા યજ્ઞને એમણે ઘર ઘર સુધી પહોંચાડવાનું યુગપ્રવર્તક કાર્ય આરંભ્યું હતું.

તેઓએ તપ અને સંયમથી પ્રગટેલી આધ્યાત્મિક ઊર્જાશક્તિને શિષ્ટ સમાજની રચના માટે કેવી રીતે ઉપયોગમાં લઈ શકાય તે અંગે ગહન ચિંતન કર્યું. વ્યક્તિથી માંડી સમષ્ટિનું કલ્યાણ કરવા તથા સંપ, સમતા, એકતા અને માનવતાના ભાવસંવેદનનું પ્રગટીકરણ કરી, ભેદભાવરહિત સમાજની રચના કરવા માટે જીવનભર શ્રેષ્ઠ પ્રયાસ કર્યા. ધરતી પરના મનુષ્યમાં દેવત્વનું પુનઃ સ્થાપન કરવા સનાતન સત્યનું સૂત્ર આપ્યું. "એક પિતાના સૌ સંતાન, માનવમાત્ર એક સમાન." આ સૂત્રને મૂર્તરૂપ આપવા માટે તેઓએ મથુરામાં યુગનિર્માણ યોજના અને હરિદ્વારમાં પવિત્ર ગંગાનદીના કિનારે સપ્તર્ષિ ક્ષેત્રમાં 'શાંતિકુંજ તીર્થ' નામે આશ્રમ સ્થાપ્યો. વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય સાધવા 'બ્રહ્મવર્ચસ' પ્રયોગશાળાની પણ સ્થાપના કરી.

ભગવાન રામની મર્યાદા અને કૃષ્ણના કર્મયોગના આદર્શનો સમન્વય સાધી, મનુષ્યના ઉજ્જવળ ભવિષ્ય માટે "વસુધૈવ કુટુંબકમ"ની ભાવનાને ચરિતાર્થ કરવા સારુ તેઓએ "અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર"ની સ્થાપના કરી. આ સંસ્થાના નેજા હેઠળ તેઓએ વૈયક્તિક, કૌટુંબિક, સામાજિક, રાજકીય અને શૈક્ષણિક ક્ષેત્ર જેવા અનેક ક્ષેત્રોમાં 'નવનિર્માણ'નું કાર્ય આદર્યું. કોઈપણ પ્રકારની ડિગ્રી વિના મોટાભાગના વિષયો પર તેમની કલમ ખૂબ જ ઊંડાણપૂર્વક ચાલી હતી. તેઓએ અધધધ કહી શકાય એટલા કુલ ૩૨૦૦ પુસ્તકોનું સર્જન કર્યું હતું. જેમાં ચાર વેદ, ૧૦૮ ઉપનિષદ, ૨૪ દર્શન જેવા અનેક ધર્મગ્રંથોના અનુવાદ, સૌ સહેલાઈથી સમજી શકે એવી શૈલીમાં કર્યા છે. તેઓ એક વાત હંમેશાં કહેતા કે, 'સંત કબીર, સ્વામી રામદાસ, સ્વામી રામ-કૃષ્ણ પરમહંસના અધૂરાં રહેલાં કાર્યોને પૂરા કરવા ઈશ્વરે મને ધરતી પર મોકલ્યો છે.'

આજે આપણે એકવીસમી સદીની વર્તમાન સમસ્યાઓ જેવી કે કુટુંબ, પરિવાર, માનવ, સમાજ, રાષ્ટ્ર અને દુનિયામાં સર્વત્ર દુર્વ્યવહાર, અસત્ય, અપ્રમાણિકતા, હિંસા, અવિશ્વાસ, અમૈત્રીભાવ, અદેખાઈ, સ્વાર્થીપણું વગેરેથી ગ્રસ્ત છીએ ત્યારે, આવી સમસ્યાઓના સચોટ સમાધાન માટે એમણે લખેલ પુસ્તકો આપણાં માટે ઉત્તમ માર્ગદર્શક બની રહે તેવાં છે. તેઓનું હિમાલયની યાત્રાના અનુભવો પર લખાયેલું પુસ્તક ગુજરાતીમાં "સૂનકારના સાથીઓ" નામે અનુવાદિત થયું છે. તેઓની આત્મકથા "અમારું વિલ અને વારસો" આધ્યાત્મિક જગતના જિજ્ઞાસુ સાધકો માટે દીવાદાંડીરૂપ ગણી શકાય એવું છે.

સમાજકલ્યાણનાં પૂરાં સો કાર્યોની શતસૂત્રી કાર્યશૃંખલા આપીને તેઓએ "વ્યક્તિનિર્માણથી રાષ્ટ્રનિર્માણ" સુધીના માર્ગને પ્રસ્થાપિત કરી આપ્યો હતો. આપણાં માટે બિનઉપયોગી પરંપરાઓ, રિવાજો અને માન્યતાઓ હોય એને શોધી શોધીને, તર્ક, તથ્ય અને પ્રમાણના આધારે તેઓએ ઉકેલી આપી અને આપણી આંખ ઉઘાડી આપવાનું કાર્ય કર્યું છે. તેઓએ પોતાના જીવનમાં ઉપનિષદનો એક મંત્ર દૃઢપણે ધારણ કરી લીધો હતો. 'વહેંચી દો, વાવો અને લણો-ત્યેન ત્યકતેન ભૂંજીથા.'

ગાયત્રીમંત્ર પંડિત રામશર્મા આચાર્યજીનો અતિપ્રિય મંત્ર રહ્યો છે. કારણ કે તેઓ જાણતા હતા કે, ગાયત્રીમંત્રના દરેક શબ્દમાંથી એક સ્વયંભૂ જ્યોતિ નીકળે છે. તેના ૨૪ અક્ષરોમાં ૨૪ શક્તિઓ સમાયેલી છે. વળી, ગાયત્રીમંત્રના ૨૪ અક્ષરો અને તેનું ઉચ્ચારણ આપણાં શરીર સ્પંદનોનાં ૨૪ સ્થળો પર મજબૂત પ્રભાવ પાડે છે. જેના થકી માનવીને દિવ્ય અનુભૂતિનાં નિત્યદર્શન થાય છે. વેદોના હજારો મંત્રોમાં સૌથી પ્રસિદ્ધ મંત્ર જો કોઈ હોય તો એ ગાયત્રીમંત્ર જ છે. એટલે જ આ મંત્રને ગુરુમંત્ર, સાવિત્રીમંત્ર, મહાનૂતમ જપ, તપ, સાધના અને મનોકામના પૂર્ણ કરનારો પૂરક મંત્ર પણ કહેવાયો છે.

આવા મહાન મંત્રના ઉપાસક, યુગદ્રષ્ટા ઋષિ સમા મહાત્મા, પંડિત રામશર્મા આચાર્યજીના આ અનુપમ પ્રદાન થકી ભારતીય ઋષિસંસ્કૃતિનું જતન કરવામાં આપણને અવિસ્મરણીય મદદ મળી રહી છે એ હકીકત છે.

**–સૌજન્ય : શ્રીરવજી ગાબાણી**

# ॥ શ્રીપ્રભાબહેનની વિમલ કલમ ॥

ગ્રંથો ચૈતન્યઉઘાડનું નિમિત્ત બની શકે જો એ પ્રભુપૂજાના પુષ્પોરૂપે આવિર્ભાવ પામ્યા હોય, એમના રચયિતાઓના હૃદયે 'લખાણ મારું' હશે પણ 'પ્રાગટ્ય તો તમારું જ' છે એવો નિરંતર ભાવ રહ્યો હોય. અહમ્‌રહિતતાથી સુગંધિત આત્માનુભવીવિષયક પુસ્તકો સહેજે સંવેદનશીલ સાધકોના હૃદયપરિવર્તન સાધનાર ચૈતન્યસખા બની રહે છે. એટલે જ સ્વામી વિવેકાનંદે આ જ પ્રકારનાં - આત્મઉઘાડ કરનારાં પુસ્તકો જ વાંચવા-વંચાવવા અનુરોધ કરેલો. મનુષ્યને ચૈતન્યધર્મની દીક્ષા આપતાં પુસ્તકોના રચયિતાઓ પરત્વે ટાગોર કહે છે તેમ, 'આપણાં મસ્તક ઝૂકે છે કારણ કે કેટલા અજાણ્યા-અનભિજ્ઞોની એ ઓળખાણ કરાવે છે !'

અધ્યાત્મની અગ્નિશિખાસમાં વિમલાજીની પ્રતિભાનાં પ્રખર તેજકિરણોને વણી આપવાનું દુષ્કર કાર્ય પ્રભાબહેન મરચન્ટે હાથે નહિ, હૃદયે ધર્યું અને Self-appointed authour તરીકે અપૂર્વ લગન અને નિતાન્ત વિનમ્રતાથી વિમલાજીની (દીદીની) દિવ્યોજ્જવલ વ્યક્તિમત્તાના બહુવિધ આયામો ખોલી આપતાં અનેક અવનવાં પુસ્તકો આપણી સામે ધરી દીધાં અને એ દ્વારા એક પૂર્ણ પરિમાર્જિત મનુષ્યત્વમાં આવિષ્કૃત દિવ્યતાનો અણસાર આપી સામાન્યતામાં અવગુંઠિત અસામાન્યતાનું ઐશ્વર્ય પ્રગટાવવા પોતાની કલમને નિમિત્ત બનાવી. એટલે એ કલમને સહજ વંદન થઈ જાય છે.

અલબત્ત, જેના સમગ્ર જીવનસંગીતનો સ્થાયી ભાવ 'વિશુદ્ધ અધ્યાત્મ' રહ્યો હોય, જેને સમગ્ર જીવનમાં ઓતપ્રોત ભગવદ્‌સત્તા પ્રતિ અપાર શ્રદ્ધા હોય અને જે હર ક્ષણ આત્મચૈતન્યથી અનુસંધિત હોય એની જીવનયાત્રાનો વ્યાપ બહુમુખી-વિશાળ વિશ્વતોમુખી ભલે બને પણ એનો અંતઃસ્રોત વધુ ને વધુ સૂક્ષ્મ-ગહન ને હંમેશાં સત્ત્વસ્થિત-ચૈતન્ય પ્રતિષ્ઠિત

રહેતો હોય ત્યારે એ 'સત્ત્વરુપેણ સંસ્થિતા'ના બહિર્વતી-આંતર્વતી ક્ષણે ક્ષણે નવતા ધારણ કરતા ચૈતન્ય-અભિસારની અભિજ્ઞા કરી, એને પૂર્ણતયા પ્રતીત કરી. કાગળ પર એને અવતારવા કલમ બહુ પ્રાણવંત જોઈએ. એની અમૃતવાણીના ઉન્મેષો ઝીલવા જનારને કવિશ્રી ન્હાનાલાલની જેમ કહેવું પડે :

**'ફૂલડાં-કટોરી ગૂંથી લાવ જગમાલણી રે બે'ન !**
**અમૃત અંજલિમાં નહિ ઝીલું રે લોલ.'**

અધ્યાત્મવિભૂતિ વિમલાજીનાં તેજોમય દીપ્તિમંત વચનો-પ્રવચનો-વાર્તાલાપો-પારાયણો પર જે જે પુસ્તકો આજે પ્રાપ્ત છે એ સર્વના લેખકો શબ્દના સ્વામીઓને સત્કારતા-ઝીલતા શબ્દોની ગરિમા સહેજ પણ ઝંખવાય નહિ એ માટે બહુ જ સતર્ક-સાવધાન રહ્યા હશે એ સમજી શકાય એવું છે. પણ કેવળ વિમલચૈતન્યપ્રસારના હેતુથી પ્રગટ થયેલાં થોકબંધ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી પુસ્તકોએ અધ્યાત્મજિજ્ઞાસુ વાચકો માટે એક અભિનવ અધ્યાત્મવિભાવનાની આબોહવા સર્જી દીધી છે એ નિઃશંક છે. આ સર્વમાં પ્રભાબહેન મર્ચન્ટનાં વિમલાજીવિષયક પુસ્તકો ઈયત્તા-ગુણવત્તાની દૃષ્ટિએ સહેજે ધ્યાન ખેંચી રહે એવાં છે. એક જર્મન કહેવત છે :

'વણકર થઈને વણવા માંડો, ઈશ્વર આપમેળે દોરો આપશે.' છેલ્લાં ચાળીસેક વર્ષથી અનવરત વહેતી વિમલચૈતન્યધારાને ઝીલવા પ્રભાબહેનની કલમ સક્ષમ રહી શકી છે એનું રહસ્ય ઉપરોક્ત કહેવતમાં છે કારણ પ્રભાબહેનનો દીદી (વિમલાજી) પ્રત્યેનો અનન્ય સ્નેહ, એ સ્નેહને લીધે જ સહજ સિદ્ધ પરિશ્રમ અને સાથે જ દીદીમાં રહેલી ઊંડી શ્રદ્ધા તો ખરી જ. ૧૯૭૪થી આરંભાયેલી પ્રભાબહેનની પ્રેમમૂલક વિમલ-લેખનયાત્રા હજી થંભતી નથી. એમના પ્રત્યેક લેખન પાછળ એક જ ભાવ નિરંતર રહેવા પામ્યો છે :

## 'અમે કાચી માટીનું કોડિયું
## વિમલ ! તમે પ્રગટ્યા ઝળહળ !'

પરમ અધ્યાત્મવિભૂતિ શ્રી વિમલાજી ઠકાર જેમણે ભારતવર્ષમાં જ નહિ, સમગ્ર વિશ્વમાં પોતાની આગવી અધ્યાત્મવિભાવનાનાં અજવાળાં પાથર્યાં છે. અનેક પ્રવચનો, વાર્તાલાપો, સંવાદો, મુલાકાતો તેમજ શિબિરો દ્વારા માનવમાત્ર માટે સ્વાધીનતાનો-આત્મતત્ત્વના આલોકનો રાહ ચીંધ્યો. એ સર્વ આધ્યાત્મિક અભિયાનોમાં વર્ષો વિમલાજી સાથે રહી પ્રભાબહેને અઢળક પુસ્તકોમાં વિમલ ચૈતન્યપુંજ અવતારવા ભગીરથ પ્રયત્નો કર્યા. બહુ સહજ રીતે વિમલાજીએ એમને પોતાના 'બહિશ્ચર પ્રાણ' તરીકે ઓળખાવ્યા.

વિમલાજીની સંનિધિમાં ત્રીસ વર્ષ લગાતાર રહેનાર પ્રભાબહેને સખ્યના આયામ પર અધિષ્ઠિત અધ્યાત્મની સુગંધ સદૈવ માણી છે. તેઓ કહે છે : 'દેશમાં તેમજ વિદેશમાં જે કોઈ પ્રવચનો-શિબિરો થયાં એ સર્વમાં દીદી સાથે રહેવાનું થયું. દિવસ તો પ્રવૃત્તિઓથી ભરચક રહે. રાત્રે ૧૦.૩૦ પછી લખવાનું બને.' દીદી મારા ખંડની લાઈટ જોઈ અચૂક આંટો મારે, કહે : 'પાછી લખવા બેઠી ? સારું-સારું લખ. ને લગભગ ૨.૩૦ સુધી લખું. ૪.૩૦ વાગે તો પાછું ઊઠી જવાનું ! પણ કલમ પર દીદીનું પ્રવચન શબ્દશઃ ઊતરે ! બાકી હું કેવળ મૅટ્રિક ને દીદીનું અંગ્રેજી-હિન્દી પરનું અનન્ય પ્રભુત્વ ! છતાં ગુજરાતીમાં કોઈ પણ વ્યવધાન વિના એ અવતરે ! કેમ કે દીદી જ મને નિમિત્ત બનાવે.'

દીદી કહેતાં 'આત્માનુભવીના શબ્દો માત્ર શ્રવણેન્દ્રિયથી નહિ, સમસ્ત ચેતનાથી આત્મસાત્ કરવાના હોય છે.' એટલે નોટપેન સાથે રાખવાનાં નહિ. ટેપરેકૉર્ડરની સગવડ બધે ન મળે. મોટાભાગનાં લખાણો સ્મૃતિને આધારે લખાયાં. કેટલાંક નોંધપોથી કે ડાયરીના આધારે તો કેટલાંક કૅસેટો પરથી તૈયાર થયાં. બહુ જૂજ પુસ્તકો માટે લેખનસામગ્રી સીધી સહેલાઈથી પ્રાપ્ત થઈ હશે.

પ્રભાબહેનનાં વિમલાજીવિષયક સર્વ પુસ્તકોમાંથી પસાર થનારને લેખિકાનો પરિશ્રમ પરિમલ સ્પર્શ્યા વિના ન જ રહે. વિમલાજીની બહુઆયામી પ્રતિભાપ્રસૂત મબલખ શબ્દસંપદાને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં રજૂ કરવામાં, પ્રત્યેક પુસ્તકના કવરપેજ, ફોટોગ્રાફ, શીર્ષક, નિવેદન, વિષયસામગ્રીનું આયોજન સમગ્ર ગોઠવણી : આ સર્વ અંશોમાં પ્રભાબહેનની સૂઝ-સમજ-આકલનશક્તિનો સુંદર વિનિયોગ. સરળતા-સહજતા ક્યાંય અળપાય નહિ એવી અભિવ્યક્તિની સાદગી ! સર્વત્ર વિમલાજીની ગરિમામય અનુભવવાણીનો ક્યારેક દાહક તો ક્યારેક શામક છતાં સદા પ્રસન્ન-ગંભીર-શાંતિનો ઉદ્‌ઘોષ સંભળાય એવી નિરૂપણશૈલી-અને સૌથી વિશેષ તો પ્રભાબહેનની લેખિનીની સહજ સાદગીની ધરાતલ પર અધિષ્ઠિત વિમલતત્ત્વ પુસ્તકોને અનેરું ઐશ્વર્ય અર્પે છે.

આ બધાં પુસ્તકો લખીને એમને છપાવવાની જવાબદારી પણ પ્રભાબહેનને જ શિરે ! એ માટે પ્રભાબહેન ખાસ આબુથી બસમાં અમદાવાદ આવે. ઘરેથી બબ્બે બસ બદલી રાણીપ પ્રેસ પર પહોંચે. પ્રેસમાં કલાકો બેસી, નાનીમોટી દરેક વિગત ચકાસે, પ્રૂફરીડિંગ કરે, ને બધું પતાવી પાછાં આબુ જાય. 'જીવનયોગ' દ્વૈમાસિકનું દાયિત્વ પણ પ્રભાબહેને વર્ષો પ્રેમપૂર્વક સ્વીકાર્યું. પુસ્તક-પ્રકાશનને માર્ગે આવતી પ્રત્યેક ઉપાધિને સમાધિ બનાવી લેતાં પ્રભાબહેનનો લેખનયજ્ઞ અખંડ ચાલે.

વિમલજીવનની ક્ષણ-ક્ષણનાં સાથી-સંગી આ લેખિકાએ જાણે જીવનભરનો ભેખ ધારણ કરી લીધેલો ! એમના અથાગ પરિશ્રમના સાક્ષી અને એમની અંતઃપ્રેરણાના ચાલકબળ એવાં વિમલાજીએ એમને કહ્યું : 'બસ પ્રભા. હવે લખવાથી બસ. ક્યાં સુધી લખ-લખ કરીશ ? શબ્દવિલાસથી હવે વિરામ. અને પ્રભાબહેને થોડોક સમય આ બંધ પાળ્યો હશે ને કલમ પાછી સળવળી ! વિમલાજીએ મીઠો ઉપાલેભ આપતાં કહ્યું તારે માસ્ટર મહાશય બનવું છે ? ભાટચારણ બની વિમલાની પ્રશસ્તિ ગાવી છે ?

વિમલગાથા ગાનાર કથાકાર બનવું છે ? સાક્ષર કે ચિત્રગુપ્તની ભૂમિકા ભજવવી છે ? પણ પ્રભાબહેન જે પોતાને દીદીમાં ભળી ગયેલાં. ગળી ગયેલાં માને છે એ સામો એક હરફ પણ ઉચ્ચાર્યા વિના મૂકભાવે પોતાનું લેખનકાર્ય પાછું હાથે ધરે છે. વિમલાજીને લાગ્યું હશે કે, 'પંખી ટહૂક્યા વિના રહી શકે તો પ્રભા લખ્યા વિના રહી શકે.' એટલે વિમલાજીએ લખવાની એમને પાછી છૂટ આપી અને પુનઃ સંચારિત લેખનસાધનાના પરિણત સ્વરૂપે આપણને ઉત્તમોત્તમ પુસ્તકો પ્રાપ્ત થયાં.'

આજે ૯૦ વર્ષની વયે પણ પ્રભાબહેન લેખનધૂણી ધખાવી બેઠેલાં અવધૂત છે. હેતુ, ઉદ્દેશ, પ્રયોજન કેવળ ને કેવળ વિમલચૈતન્યપ્રસારનો ! નામની લેશમાત્ર સ્પૃહા નહિ, અર્થ-આકાંક્ષા તો કદી સ્પર્શી જ નથી. અ-કર્તાભાવે કર્મસરિતા અવિરત રહ્યા કરે છે - વધારે ને વધારે વેગથી. ત્વરાથી ! દયારામની જેમ પ્રભાબહેનની કલમ સહજ સંકલ્પ કરી ચૂકી છે :

**'બોલ મા બોલ મા બોલ મા રે**
**રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા રે'**

ની સમાંતરે એ જાણે ગુંજે છે :

**'લખ મા લખ મા લખ મા રે**
**વિમલ શબ્દ વિના બીજું લખ મા રે.'**

વિમલાજીને આલેખતાં-આલેખતાં પ્રભાબહેનની કલમ પુસ્તકે-પુસ્તકે વધારે ને વધારે સત્ત્વવંતી બની છે. કેમ ન બને ? સ્વયં દીદીએ એમને 'સાચો શબ્દ અભિવ્યક્તિનો પણ મોહતા જ નથી હોતો. એ સ્વયં મુખરિત થશે' એમ કહી પ્રભાબહેનના શબ્દને કેવળ સાધન બનતો અટકાવી, સાધનાનું એવું માહાત્મ્ય બક્ષ્યું છે કે, કોઈપણ ભાવકને કહેવાનું મન થાય :

**'હે વિ-મલ વિમલ-કલમ !**
**તને વંદન વારંવાર.'**

**—સંકલન**

# ॥ શ્રીસદ્‌ગુરુની શિખામણ ॥

ગુરુવર્ય સપ્તમનાથજી નાલંદા વિશ્વવિદ્યાલયના આચાર્યરત્ન હતા. તેઓશ્રી 'ગુરુદેવ' જ નહિ. શિષ્યોને જ પોતાના 'દેવ' માનતા સાચા 'શિષ્યદેવ' હતા, જે એમના સર્વાંગીણ વિકાસ માટે સદૈવ પ્રયત્નશીલ રહેતા હતા. તેઓશ્રી કેવળ પુસ્તકીયા જ્ઞાન નહિ, વાસ્તવિક, અનુભવસિદ્ધ જ્ઞાન પ્રદાન કરવામાં વિશ્વાસ રાખતા હતા.

વર્ગના સીમિત વાતાવરણમાં કેદ રાખવાને બદલે તેઓશ્રી પોતાની શિષ્યમંડળીને પ્રકૃતિના સાન્નિધ્યમાં બ્રહ્મ, જીવ અને જગતનાં સૂક્ષ્માતિસૂક્ષ્મ રહસ્યોનું અભિજ્ઞાન કરાવતા હતા. શિષ્યો પણ પોતાના એ મિત્ર, માર્ગદર્શક તેમજ માતાપિતાની ભૂમિકા નિભાવનારનું સાચા હૃદયથી સન્માન કરતા હતા.

એકવાર ગુરુદેવ શિષ્યમંડળી સાથે હરિયાળા વન્ય પ્રદેશનું પરિભ્રમણ કરી રહ્યા હતા. પ્રાકૃતિક સૌંદર્યનું અવલોકન કરતા, વનસ્પતિસૃષ્ટિના ગુણદોષનો પરિચય કરાવતા ધીમેધીમે આગળ જઈ રહ્યા હતા. તેમની શિષ્યમંડળીમાં મગધનો રાજકુમાર પણ હતો. તે સ્વભાવથી જિજ્ઞાસુ, વિનમ્ર અને ગુરુનો આજ્ઞાકારી હતો. ગુરુદેવની તેના પર વિશેષ કૃપા રહેતી હતી. તેના મનમાં આચાર્યશ્રીના શ્રીચરણોમાં સાચી પ્રીતિ હતી. ચાલતાં-ચાલતાં ગુરુદેવ એક સ્થાન પર સંકોચાઈને ઊભા રહી ગયા. તેમનો હાથ ધ્રૂજ્યો અને હાથમાંથી લાકડી પડી ગઈ. રાજકુમારે દોડીને લાકડી ઉઠાવી અને ગુરુદેવના હાથમાં પકડાવી દીધી. કિન્તુ વાદળ વિના વીજળી ગરજે એમ ગુરુદેવે એની પીઠ પર બહુ જોરથી પ્રહાર કર્યો. સુકુમાર રાજકુમાર આ ચોટથી બેબાકળો બની ગયો. એની પીઠ પર નિશાન થઈ ગયું ને લોહી પણ ધસી આવ્યું. ચકિત થઈને

રાજકુમારે પૂછ્યું; 'ગુરુદેવ ! મારાથી શું ભૂલ થઈ ? બતાવો ને કે મારાથી કયો એવો અક્ષમ્ય અપરાધ થઈ ગયો ? ગુરુદેવે ન જવાબ આપ્યો, ન પ્રેમભર્યા સ્વરમાં વાત કરી. કેવળ એટલું જ બોલ્યા કે; સમય પર આનો ઉત્તર તને સ્વયં મળી જશે.'

કાલચક્ર ચાલતું રહ્યું. ગુરુકુળમાંથી પાછો ફરેલો શિષ્ય મગધનો રાજા બની ગયો. પરંતુ જ્યારે પણ તે એકાંતમાં બેસતો તો ગુરુના અણધાર્યા પ્રહારનો ડંખ તેને વ્યગ્ર કરી દેતો. એક દિવસ રાજદરબારમાં કોઈ કામ અંગે ગુરુનું પદાર્પણ થયું. શિષ્યે અર્ઘ્ય આપી ગુરુનું સ્વાગત કર્યું અને તેમના ઈચ્છિત કાર્યને પૂરું કર્યું. એ દિવસની ઘટનાને નહિ વિસરી શકેલા શિષ્યે સવિનય પ્રશ્ન કરી જ દીધો. 'ગુરુદેવ ! વનસ્થલીમાં પરિભ્રમણ કરતાં એ દિવસે આપને શું થઈ ગયેલું ? હું અકારણ જ આપના ક્રોધનું ભાજન કેમ બની ગયો હતો ? ગુરુદેવે ખડખડાટ હસતાં કહ્યું; વત્સ ! તે દિવસે મેં તને માર્યો ક્યાં હતો ? મેં તો તને ભણાવ્યું જ હતું. હા, મારી એ દિવસની 'અધ્યાપનવિધિ' અન્ય દિવસોથી બિલકુલ અલગ હતી.'

મેં તમારા તેમજ તમારી પ્રજાના ભાવિ કલ્યાણ માટે એમ કર્યું હતું. હું જાણતો હતો કે ભવિષ્યમાં તમારે સમ્રાટ બનવાનું છે, જેમાં સર્વોચ્ચ ન્યાયાધીશના રૂપમાં તમારે દંડવિધાન પણ કરવું પડશે. તમે પ્રમાદથી કોઈ નિરપરાધી જીવને દંડ ન આપી દો એ ઉદ્દેશ્યથી મેં નિરપરાધ વ્યક્તિને અકારણ દંડ આપવાથી કેટલું કષ્ટ થાય છે, એ તથ્યનો અનુભવ કરાવ્યો. તમે પૂર્ણતયા વિચારી-સમજીને જ કોઈ વ્યક્તિને દંડ આપજો. આ મારો અભિપ્રાય હતો. રાજા ગુરુદેવના ચરણોમાં ઝૂકી ગયો અને તેમની પદરજ માથા પર ચઢાવી.

—શ્રી મુકુન્દપતિજી ત્રિપાઠી

# ॥ સૉક્રેટિસની અંતિમ રાતનું પ્રવચન ॥

ઍથેન્સવાસી ભાઈબહેનો, એક હજાર, તરહમનો દંડ ચૂકવી શકું તો હું મૃત્યુથી બચી જાઉં, પરંતુ હું ગરીબ છું. હું એટલો દંડ ચૂકવી શકું તેમ નથી. અને ચૂકવી શકું તો પણ હું મરવાનું વધુ પસંદ કરીશ.

પરંતુ ઓ ઍથેન્સવાસીઓ, હું મારી જાતને કયો દંડ આપું ? હું કોને લાયક છું એ સ્પષ્ટ નથી. શું હું કષ્ટ ભોગવવાને લાયક છું કે અર્થદંડને લાયક છું ? કેમકે મારા જીવનકાળમાં હું ખામોશ નથી રહ્યો. મેં એ બધી વસ્તુઓની ઉપેક્ષા કરી છે, જેની પાછળ મોટાભાગના લોકો ભાગતા ફરે છે. પૈસા કમાવા, ઘરગૃહસ્થીની ચિંતા કરવી એ બધાંની મેં ઉપેક્ષા કરી છે. હું રહ્યો બહુ સાચો અને સીધો માણસ. જો એવી હરકતોમાં લિપ્ત રહ્યો હોત તો આજે હું જેટલો સુરક્ષિત છું એટલો સુરક્ષિત ન હોત. વળી જો એ વાતો પાછળ ભાગ્યો હોત તો હું આપના કોઈ કામમાં ન આવત. અરે ! મારા ખુદના કામમાં પણ ન આવત. તમારામાંથી પ્રત્યેકને વ્યક્તિગત રીતે લાભાન્વિત કરવા માટે મેં આ લક્ષ્ય પસંદ કર્યું છે. તમારામાંથી દરેકને પ્રેરિત કરું છું કે એ પોતાના મામલા પર કે નગરના મામલા પર ધ્યાન દેતાં પહેલાં જુએ કે એ નગર સિવાયના અન્ય મામલામાં પણ અધિક સમજદાર થયા કે નહિ ?

હું તો એવો જ માણસ છું છતાં પણ કેવો વ્યવહાર કરવો જોઈએ ? ઍથેન્સવાસીઓ, મને જો કોઈ પુરસ્કાર મળે તો એ મારા મૃત્યુ સમાન ન હોઈ શકે.

વિષ આવી ગયું છે, હું મરીશ. આપ જીવતા રહેશો. ફાયદો કોને થશે એ કેવળ ઈશ્વર જ જાણે છે.

હું જ્યારે કોઈ નિર્ણય કરું છું ત્યારે મને દેવીનો અવાજ સંભળાય છે. મૃત્યુદંડ મારા હિતમાં ન હોત તો દેવીએ મને જરૂર સલાહ આપી હોત. પરંતુ આજે એ ચૂપ છે કેમકે એ જાણે છે કે સૉક્રેટિસે આવું જ કરવું જોઈએ. આમ કહીને સોક્રેટિસે 'અલવિદા' કહી દીધું.

આ મર્ત્યલોકની રોશની બુઝાઈ ગઈ, ફેલાઈ ગઈ, મહારોશનીમાં સમાઈ ગઈ, કહેતી ગઈ :

'દેહને દંડ તો થયો પણ સૉક્રેટિસના વિચારોને કોણ દંડ આપી શકે તેમ છે ? મારો સ્વીકાર દેવોએ કર્યો છે, તમે દેવો વિરુદ્ધ પાપ કરી રહ્યા છો.'

*

## 'આત્માની અમરતા'

સૉક્રેટિસને જ્યારે જીવનની છેલ્લી ક્ષણોમાં પૂછવામાં આવ્યું કે 'અમે આપને ક્યાં દફનાવીએ ? ત્યારે એમણે જવાબ આપ્યો.' ઍથેન્સના ડાહ્યા માણસો મને મારવા આવ્યા અને તમે મને દફનાવવા આવ્યા ! મને કોઈ મારી શકે કે દફનાવી શકે તેમ નથી. હું બે-ત્રણ હજાર વર્ષ પછી ઊભો થઈ જઈશ.

આ દંડ તો એટલા માટે થયો કે હું આકાશથી ઉપરની વાત કરતો હતો અને પાતાળને તોડીને ઊંડી વાતો કરતો હતો. તથાકથિત પંડિતોએ તેથી જ મારો વિરોધ કર્યો.

એ અમરફળ ખાઈ ચૂક્યો હતો. એની આ અંતિમ ક્ષણ હતી. ગ્રીસનો એ મહાવીર હતો !

**—સંકલન**

## ॥ તુલસીદાસની ચોપાઈનું સાચું અર્થઘટન ॥

**‘ઢોર, ગંવાર, પશુ, શુદ્ર, નારી,**
**યે સબ તાડન કે અધિકારી’**

થોડા સમય પહેલાં તુલસીદાસજીની આ ચોપાઈને કારણે વિવાદ પેદા થયો હતો. લોકો પોતપોતાને અનુરૂપ અર્થઘટન કરે છે. વિરોધ શરૂ થાય છે અને તુલસીકૃત રામાયણનો બહિષ્કાર કરવા સુધી વાત પહોંચી ગઈ. વિરોધ કરનારાઓએ પણ વિચાર્યું નહિ કે તુલસીદાસજી જેવા સંતની કલમે આવી વાત લખાય જ કેવી રીતે ?

દુનિયાની જૂનામાં જૂની ભાષા સંસ્કૃત છે અને આજનું વિજ્ઞાન પણ તેને સૌથી સંપૂર્ણ ભાષા તરીકે ઓળખે છે. અર્થો અને ઉચ્ચારોની બાબતમાં એ એટલી ઉત્તમ છે કે દુનિયાની કોઈ ભાષા તેની તોલે ન આવી શકે. સંસ્કૃતનું શબ્દભંડોળ અને અનેકાર્થી શબ્દોનો ઉપયોગ જેટલો સંસ્કૃતમાં થયો છે તેટલો અન્ય કોઈ ભાષામાં થયો નથી.

દુનિયામાં અજ્ઞાની અને જ્ઞાની એ બે જમાતની વચ્ચે એક ખૂબ મોટી જમાત અર્ધજ્ઞાનીની છે અને ‘અધૂરો ઘડો છલકાય’ એ ન્યાયે જે જમાત ખૂબ વાચાળ પણ છે. તેના કારણે દેશ અને દુનિયામાં અનેક વિવાદો ફેલાતા રહ્યા છે. અનેક ખોટાં અર્થઘટનો એ જમાતના નામે છે. જેનો એક ઉત્તમ દાખલો ‘૩૩

કરોડ દેવતા'ની વાતનો છે. સંસ્કૃતમાં 'કોટિ' શબ્દના અર્થોમાં બે સૌથી વધારે જાણીતા અર્થ 'પ્રકાર' અને 'કરોડ' છે, તેમાંથી ક્યારેક કોઈ અર્ધજ્ઞાનીને 'કરોડ' જ અર્થ આવડતો હશે તેમાંથી આ ૩૩ કરોડ દેવોની વાત પ્રચલિત બની, જે ખરેખર તો ૩૩ પ્રકારના દેવ એવું હોવું જોઈએ. એ ૩૩ પ્રકાર કયા કયા તેની વ્યાખ્યા પણ શાસ્ત્રોમાં આપેલી છે.

તુલસીદાસજીની પંક્તિઓને પણ એ જ વાત લાગુ પડે છે. સંસ્કૃતમાં 'તાડન' શબ્દનો અર્થ માર-પીટ ઉપરાંત (જેને માટે 'પ્રતાડના' શબ્દ વધુ વપરાય છે) દોરવણી આપવી કે શિક્ષિત કરવું (અમરકોષ અનુસાર) એવો પણ છે. આ ઉપરાંત બીજા અર્થ પણ છે. તુલસીદાસજીના દોહામાં એના પછીનો શબ્દ 'અધિકારી' છે. અધિકાર (હક) શબ્દથી આપણે વાકેફ છીએ. 'અધિકારને' 'તાડન' સાથે જોડીને વાંચવામાં આવે તો શું માર-પીટ વેઠવાનો કોઈનો 'અધિકાર' હોઈ શકે ? એટલે બંને શબ્દો સાથે વાંચવામાં આવે તો તુલસીદાસજીને બીજો અર્થ (દોરવણી કે શિક્ષણ) જ અભિપ્રેત હોય એ સ્પષ્ટ છે.

**—સૌજન્ય : શ્રી મહેશભાઈ દેસાઈ**

# ॥ સ્વધર્મ ॥

'અપને અપને ધર્મ મેં સબ દઢ હય સબ કૌલ,
નિજ ધર્મ જો આપને ગ્રહો, સહેજે ભયો નિહાલ.'

કબીરજી કહે છે માણસ સિવાયના સર્વ કુદરતી તત્ત્વો પોત-પોતાના ધર્મમાં દઢ છે. માત્ર માણસ જ પોતાના સ્વાર્થમાં અંધ બની તેના 'નિજધર્મ'ને ચૂકી જાય છે. એનું જો પાલન કરો, સહેજે નિહાલ થઈ જશો.

'ધારણ કરે તે ધર્મ.' નીતિને માર્ગે ધારણ કરી રાખે અને માનવીને અનીતિને માર્ગે જતો અટકાવે તે ધર્મ. આ ધર્મ એટલે કોઈ સંપ્રદાય નહિ, પરંતુ ધર્મ એટલે વ્યક્તિએ કરવા યોગ્ય કર્તવ્ય. વ્યક્તિદીઠ દરેકનો ધર્મ-ફરજ-કર્તવ્ય અલગ-અલગ હોઈ શકે. પણ જો પ્રત્યેક વ્યક્તિ પોત-પોતાના નિજધર્મનું પાલન કરે તો સમાજમાં શાંતિ, સુખ અને વ્યવસ્થા સ્થપાશે.

ગીતામાં પણ કહ્યું છે :

'શ્રેયાન સ્વધર્મા વિગુણઃ પરધર્માત્સ્વનુષ્ઠિતાત્ ।'

પારકો ધર્મ કે કર્તવ્ય આચરવું સરળ હોય, નિજધર્મ મુશ્કેલ કે ઓછો લાભકર્તા હોય તો પણ માણસે પોતાના ધર્મને-કર્તવ્યને કલ્યાણકારક માની પાળવો જોઈએ.

પોતપોતાના સ્વાભાવિક કર્તવ્યમાં રત મનુષ્ય ઉત્તમ સિદ્ધિ-મોક્ષ પામે જ છે. ગીતા કહે છે :

'સ્વે સ્વે કર્મણ્યભિરતઃ સંસિદ્ધિ લભતે નરઃ'

વળી, જે ધર્મની રક્ષા કરે છે તેની ધર્મ રક્ષા કરે છે. 'જૈસી પ્રીતિ કુટુંબકી તૈસી ગુરુ સોં હોય' સ્વનું સુખ સર્વનાં સુખમાં પરિણમે.

'કહૈ કબીર તા દાસ કો, પલના પકડે હોય.'

**—સંકલન**

# ॥ કબીરકી ઊલટી બાની ॥

કવિતા કબીર માટે ધ્યેય ન હતી. પણ અનુભૂતિની સચ્ચાઈ અને ઊંડાણ એમની વાણીમાં 'અદ્‌ભુત શક્તિનો સંચાર' કરતાં. એથી જ એમને માટે એક ઉક્તિ પ્રસિદ્ધ થઈ.

'કબીરદાસ કી ઉલટી બાની
બરસૈં કઁબલ ભીંજે પાતી.'

એક પ્રસંગ છે. કબીરજી એકવાર સત્સંગ કરતા હતા. ત્યારે શ્રોતાસમૂહમાંથી એક જણે પ્રશ્ન કર્યો. 'સાહેબજી, આપ જે કાંઈ કહો છો તે તદ્દન વિચિત્ર અને ઊલટું લાગે છે. સમજાતું તો નથી જ પણ વ્યવહારમાં વિપરીત છે. એમ શા માટે ?' ત્યારે કબીરજીએ શાંતિથી કહ્યું; 'બંધુઓ ! આ ભાઈની વાત તદ્દન સાચી છે. અને હું પણ જે કાંઈ કહું છું તે એટલું જ સાચું છે. તમે એને ઊંધું-ઊલટું સમજો છો. તેમાં હું શું કરું ?' આ વાતને સરળતાથી સમજાવતાં કહ્યું;

'ચલતી કો ગાડી કહૈ, બને દૂધકા ખોયા
રંગી કો નારંગી કહે, દેખ કબીરા રોયા.'

જે ચાલે છે તેને તમે ગાડી કહો છો (હિંદીમાં 'ગાડી' એટલે દાટી) દૂધ જામી જાય છે તેને તમે 'ખોયા' કહો છો (હિંદીમાં 'ખોયા' એટલે દહીં) જે રંગરંગીલી છે તેવી દુનિયાને તમે 'નારંગી' કહો છો (નારંગી=નહિ રંગાયેલી). આમ બધી જ રીતે તમે ઊલટું કહો છો-કરો છો અને ઉપરથી મને ફરિયાદ કરો છો ? હું તો સાચું જ કહું છું પરંતુ તમે તેને ઊલટું સમજો છો. તમારા આવા વર્તાવથી મને રડવું આવે કે નહિ ?

**–પ્રા. વસંત ડી. જાધવ**

**(કબીરની રહસ્યમય વાણીનું રહસ્ય)**

# ॥ નમ્રતા : સર્વ સદ્‌ગુણોની માતા ॥

બડા હુઆ તો ક્યા હુઆ જૈસે પેડ ખજૂર
પંથી કો છાયા નહિ ફલ લાગૈ અતિ દૂર.

કબીરજી કહે છે : મોટા માણસ થયા તેથી શું થયું એ તો ખજૂરના ઝાડ જેવી વાત છે. વટેમાર્ગુને એનો છાંયો તો મળતો જ નથી. અને તેને ફળ થાય તે પણ એટલાં ઊંચાં હોય છે કે ત્યાં પહોંચાય નહિ. છતાં લોકો મોટાઈને ભજે છે, મોટાઈ ઇચ્છે છે.

માણસો જો પ્રભુને ભજે તો પ્રભતા એની દાસી થઈને પાછળ આવશે. કબીરજીના શબ્દોમાં જોઈએ તો :

'લઘુતા સે પ્રભુતા મિલૈ પ્રભુતા તે પ્રભુ દૂરિ
ચીંટી લૈ શક્કર ચલી, હાથી કે સિર ધૂરિ.'

—અહીં લઘુતા એટલે નમ્રતા. નમ્રતાથી જ પ્રભુતા પ્રાપ્ત થાય છે. જુઓને આ ઝીણી કીડી ખાંડ (સારરૂપ વસ્તુ) લઈને દોડતી ચાલી, પણ પેલો હાથી (અહંકારી) એ લેવા જતાં માથે ધૂળ જ ઉડાડે છે.

નમ્ર મનુષ્યે જ્યાંથી પણ પ્રાપ્ત થાય ત્યાંથી શુભ વિચારો ગ્રહણ કરવા જોઈએ. પણ પોતાનો મહિમા, પ્રતિષ્ઠા વધારવા જે દોડધામ કરે છે તે માણસ પોતાના અહંકારમાં પૂરાઈ રહી જાય છે. શેખતકીએ કહ્યું : શું તમે સૌથી મહાન છો ? ત્યારે તેમણે વિનમ્રતાથી કહ્યું;

'બડા કહો તો મૈં નહિ, છોટા કહા ન જાય
ઈન દોનોં કે બીચમેં રહે કબીર સમાય
બડે બડાઈ ના કરે, બડે ન બોલે બોલ
હીરા મુખ સે ના કહે, લાખ હમારા મોલ.'

**—ડૉ. કાન્તિલાલ કાલાણીના લેખને આધારે**

## ॥ ઉઘાડો બારણાં ॥

બારણાં ઉઘાડીને અંદર આવી શકું ના
તમે તો ઉઘાડો બારણાં
તમારાં તમે તો ઉઘાડો બારણાં.
તોતીંગ તાળાં માર્યાં ભાગળો ભારે વાખી,
આડા અનેક આગળા
ધારોની વચ્ચે આડા અનેક આગળા
તમારાં તમે તો ઉઘાડો બારણાં.
ખોલીખોલીને થાક્યો ખોલી શક્યો ના તોયે
જોઈ શક્યો ના આંગણાં
દિવસો વીત્યા ને વીત્યા મહિના, વરસો છતાંયે
આવ્યાં સ્વપ્નાં ના હાથમાં
સોનેરી સમણાં આવી શક્યાં ના હાથમાં
તમારાં તમે તો ઉઘાડો બારણાં.
શક્તિ ના એવી મારી, ભક્તિ ના એવી ભારી,
સૂઝૂબઝ ના વિસાતમાં
યુક્તિપ્રયુક્તિ કોઈ ચાલી શકે ના મારી.
વેળા વીતે છે વાતમાં

આવેલી વેળા વીતી રહી છે વાતમાં
તમારાં તમે તો ઉઘાડો બારણાં.
ખખડાવો બારણાં તો ઉઘડે અનાયાસે
સાંભળ્યું છે એવું શાસ્ત્રમાં
કિન્તુ ખખડાવવાની શક્તિ કયાં મારામાં છે
ખખડાવો મહાદ્વાર આ
વિનાવિલંબે ખખડાવો મહાદ્વાર આ
તમારાં તમે તો ઉઘાડો બારણાં
અનુગ્રહની એક આશા ચાતકને અભ્ર કેરી
પાણી પીવાયે કેમે ના
તમારી જ આશા રાખી બેઠો મંદિરિયે મારે,
ખોલી દો પડદા પ્રાણના
ઉઘાડો તમે પોતે હવે તો બારણાં
તમારાં તમે તો ઉઘાડો બારણાં.
બારણાં ઉઘાડીને અંદર આવી શકું ના.
તમે તો ઉઘાડો બારણાં
તમારાં તમે તો ઉઘાડો બારણાં

—શ્રી યોગેશ્વરજી

✽

## ॥ પદપરિચય ॥
## ॥ ઉઘાડો બારણાં ॥

(આત્મા આડે આવતા અવરોધો હટાવો)

કેટલાંક કાવ્યોના શબ્દ કે અર્થ જ નહિ પણ એના મર્મ સુધી ન પહોંચાય ત્યાં સુધી એ રચના 'બંધ બારણા' જેવી જ રહે, એ બારણાં ઉઘાડવાની પ્રક્રિયામાંથી જ કાવ્ય સિદ્ધ થાય. આ કાવ્ય કદાચ એવું જ છે.

કાવ્યનો પ્રારંભ સીધો અર્થબોધ કરી રહે છે : બારણાં ઉઘાડીને અંદર આવી શકવા હું અસમર્થ છું, તેથી તમે તો (સમર્થ છો) ઉઘાડો.

હું જાણું છું કે, તોતિંગ તાળાં, ભારે ભંગળો વાસી, આડા અનેક આગળા માર્યા છે. જડબેસલાક બંધ-બધું સજ્જડભમ છે. તેથી હું ખોલીખોલીને થાક્યો પણ દિવસો-મહિના-વરસો વીત્યા તોયે આંગણ સુધી પહોંચી શક્યો નથી. સ્વપ્નાં સ્વપ્નાં જ રહી ગયાં છે.

નથી મારામાં શક્તિ નથી, ભક્તિ નથી, સૂઝબૂઝ-યુક્તિપ્રયુક્તિ બધી નિષ્ફળ ગઈ છે. એટલી ખબર છે કે, સમય વીતી રહ્યો છે-આ વાત કહેવામાં હવે તમારે જ બંધ બારણાં ખોલવાં રહ્યાં. શાસ્ત્રમાં લખ્યું છે. 'ખખડાવો, ખૂલી જશે' પણ મારામાં તો ખખડાવવાની પણ શક્તિ નથી.

હવે તમે જ આ મહાદ્વાર વિનાવિલંબે ખખડાવો. તમે તો ઉઘાડો બારણાં.

ચાતક વાદળ સામે તાકીને બેસી રહે છે. તેમ મારા મંદિરે

તમારી જ આશા રાખી બેઠો છું. તેથી પ્રાણના પડદા-(આવરણો) તમે જ ખોલી દો. તમે જ બારણાં ઉઘાડો.

તો કાવ્યાન્તે કવિ આખા કાવ્યમાં જે 'મભમ' હતું. રહસ્યરૂપે હતું, બારણાના રૂપકરૂપે હતું તે પ્રગટ કરી કહી દે છે, આ કોઈ લાકડાના -ધાતુના બારણાં ખોલવાની નહિ, પ્રાણ પર જે પડદા છે, અંતરાયો છે, અવરોધો છે એને હટાવવાની, ખોલવાની, ઉઘાડવાની વાત છે.

'આત્માનાં બારણાં' સજ્જડભમ બંધ છે, દુન્યવી-ઈન્દ્રિયજન્ય સુખોથી એ 'તન-મન'નાં અનેક આકર્ષણોથી આવૃત્ત છે; એને ખોલવાનાં-ઉઘાડવાનાં છે જેથી 'આત્મદર્શન' થઈ શકે.

હું ભીતર આવી શકતો નથી. તમારે જ તમારું 'ભીતરી રહસ્ય' પ્રગટ કરવું રહ્યું.

સ્વરૂપનો સાક્ષાત્કાર, ઈશ્વરના અનુગ્રહથી જ શક્ય બનશે. અર્થાત્ પ્રયાસથી નહિ, પ્રસાદથી જ આત્મદર્શન-પરમાત્માદર્શન શક્ય બને છે. આ ગંભીર-ગહન સત્યને સ્ફુટ કરવા પૂજ્ય શ્રી યોગેશ્વરજીએ 'બારણાં'નુ પ્રાણવાન પ્રતીક પ્રયોજીને કાવ્યાભિવ્યક્તિ અત્યંત કલાકીય બનાવી દીધી છે. ગહન-ગંભીર સત્યને અત્યંત સરળ રીતે અભિવ્યક્ત કરે એ પ્રતિભાવંત સર્જક એની સુરમ્ય પ્રતીતિ આ પદમાં કવિશ્રીયોગેશ્વરજી કરાવી રહે છે.

દુર્બોધ વાતને અત્યંત સુબોધ બનાવી દીધી !

**—શ્રીયોગેશ્વરજી**